॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

જૂલાઈ ૨૦૧૪
રૂા. ૫/૦૦



પવિત્ર શ્રાવણમાસ દરમિયાન ભુજ, અંજાર, માંડવી આદિ
દરેક મંદિરોમાં દરરોજ હિંડોળાના દર્શનનો લાભ મળશે.

(૧-૨-૩) શ્રી સ્વામિનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવમાં શ્રી હરિકૃષ્ણમહારાજનો અભિષેક તથા સંતોની સાથે ભક્ત સમુદાય.
(૪) નિજમંદિરની કુંભી ઉપર સ્તંભારોપણ કરતા પૂ. કૃષ્ણપ્રિયદાસજી સ્વામી તથા શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી













(૧-૨) શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, વુલ્વીચમાં શ્રી ઠાકોરજીને અન્ય સ્થળે વાજતે ગાજતે લઈ જતા સંતો તથા હરિભક્તો.
(૩) બહોળી સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તો તેમજ ઉત્થાપનની આરતી કરતા વુલ્વીચ વિસ્તારના સમગ્ર નાના-મોટા હરિભક્તો તથા સંતો.









॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥ ૭

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક



પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૨૦ કુલ્લ અંક ૨૦૯

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૪ અંક - ૭ - જુલાઈ – ૨૦૧૪
સળંગ અંક - 3૪3

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

## લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**

શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.

ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧

**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org

**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

શ્રી સ્વામિનરાયણ ભગવાનની આપણા પર સૌથી વિશેષ કૃપા એ છે કે આપણને મનુષ્ય યોનિમાં જન્મ આપ્યો. આપણે સૌ એક સનાતન સત્ય જાણીએ છીએ કે જન્મ્યા એટલા જવાના, મૃત્યુ તો નિશ્ચિત છે. તો પછી મોતનો ડર શા માટે ? સારા કર્મો કરનારનો જીવનપથ આનંદોલ્લાસ સાથે કપાય છે જ્યારે કુકર્મો કરનારને માટે જીવન બોજારૂપ બની જાય છે. મનને શાંતિ મળે અને શ્રીજી મહારાજ પ્રસન્ન થાય એવાં કર્મો કરવાને બદલે લાંબુ જીવવાની જિજીવિષામાં દુન્યવી આસક્તિમાં અટવાઈને ઘણા લોકો એવાં અઘટિત કર્મો  કરી બેસે છે કે તે ઈશ્વરથી વિમુખ થઈ જાય છે અને જે ઈશ્વરથી દૂર થાય તેને સુખ, શાંતિ અને સંતોષની પ્રાપ્તિ ક્યાંથી થાય ?

શ્રીહરિએ દરેકને તેમનાં કાર્યો ફાળવી આપ્યા છે અને એ કેવી રીતે કરવા એ તેમના પર છોડી દીધું છે. કાર્યમાં ખંત, ચીવટ, શ્રધ્ધા, નિષ્ઠા, નિર્માનીપણું, પ્રસન્નતા અને સમર્પણ ભળે તો એ કાર્ય કર્તવ્યનું રૂપ ધારણ કરી લે છે. તીવ્ર ઈચ્છાશક્તિ, મક્કમ મનોબળ અને દૃઢ સંકલ્પ સાથે જે કર્તવ્યનું પાલન કરે છે તેને જીવન આનંદ, ઉત્સાહ અને ઉમંગભેર જીવવાનું જોમ પૂરું પાડે છે. જો કર્મમાં બેદરકારી, અવિશ્વાસ, ઘમંડ, કંટાળો, યાંત્રિકતા, નિરુત્સાહ જેવાં તત્ત્વો ઉમેરાય તો તે વેઠનું રૂપ ધારણ કરી લે છે. જે અજંપો, સંતાપ, ફરિયાદ, અસંતોષ અને અભાવથી મનને કુંઠિત કરી દે છે. કર્તવ્યનું પાલન જો પ્રસન્નતાપૂર્વક ન થાય તો પરિશ્રમ પ્રત્યે પ્રમાદ ઉદ્ભવે છે. કાર્યમાં ચિત્ત ચોંટતું નથી પરિણામે કાર્ય વિફળ જાય છે અને અશાંતિ અને અરાજકતા સર્જાય છે. આ બાબતો ક્રોધ જગાવે છે અને આવેશમાં કરેલું કર્મ સફળ થાય ખરું ? દુર્બુધ્ધિથી જે કર્મ થાય તેને અપયશ મળે છે અને કર્મ કરનારને અપકીર્તિ મળે છે !

કાર્ય વિષાદપૂર્વક કે પતાવવાની વૃત્તિથી નહીં પરંતુ  આ કાર્ય ઈશ્વરે સોંપેલું છે જેને પૂર્ણ કરવાની મારી ફરજ છે એમ માનીને સમર્પિતભાવ સાથે પૂર્ણ પ્રસન્નતાથી પાર પાડવું આપણું કર્તવ્ય છે. આવી ભાવના હશે તો જાગૃતિ આવશે, સદ્વિચારો આવશે, આચરણમાં સદાચારનું પ્રાધાન્ય રહેશે, ધર્મ પ્રત્યે સજાગતા આવશે, માનવધર્મનું મહત્ત્વ સમજાશે તેમજ સામાજિકધર્મ અને રાષ્ટ્રીયધર્મ સારી રીતે બજાવી શકાશે. આવી વ્યક્તિ અન્યને માટે પ્રેરણાદાયક અને વંદનીય રહેશે, સમાજિક સન્માન અને કીર્તિની પ્રાપ્તિ થશે. આ બધું ઈશ્વરનો અનુગ્રહ હોય તો જ મળે છે. શ્રી નરનારાયણદેવની શક્તિનું અવલંબન કરીને જે કાર્ય કરવામાં આવે તે સત્વગુણ તરફ દોરી જાય છે. આપણે શ્રી નરનારાયણદેવના ચરણકમળમાં પ્રાર્થીએ કે માનવમાત્રને કર્તવ્યની સાચી સમજ મળે તેવી સન્મતિ આપી સૌનું કલ્યાણ કરે.

જય શ્રી સ્વામિનારાયણ !

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન



## વેદોપબૃંહણ રૂપ ઉપનિષદ્ ગ્રન્થ યુગ

લેખાંક–૩૨

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી



### માણ્ડૂક્ય ઉપનિષદ્‌નો પરિચય

(ઉપનિષદ્‌ભાષ્યકાર યોગીરાજ સ. ગોપાળાનંદ સ્વામીએ મૂર્ધન્ય દશોપનિષદ્ પર સંસ્કૃતમાં ભાષ્ય લખીને બ્રહ્મવિદ્યાના જિજ્ઞાસુઓ ઉપર બહું મોટો ઉપકાર કર્યો છે. ઉપનિષદ્‌ની બ્રહ્મવિદ્યાના ગહનાર્થોને સંસ્કૃતભાષામાં સરલાર્થમાં સમજાવીને બ્રહ્મવિદ્યાનો આ સંસારમાં પ્રચાર-પ્રસાર કરવામાં બહું મોટું યોગગાન આપ્યું છે. તીર્થધામ ભુજ મંદિર દ્વારા પ્રકાશિત થતું 'શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશમાં' "વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન" લેખમાળામાં અત્યાર સુધી આપણે ચાર વેદ, બ્રહ્મણ્યગ્રન્થો, આરણ્યગ્રન્થો ત્યારપછી ઉપનિષદ્‌માં ઈશાવાસ્ય, કેનોપનિષદ્, કઠોપનિષદ્, પ્રશ્નોપનિષદ્, મુણ્ડકોપનિષદ્ સુધીના તમામ વૈદિક ગ્રન્થોનો સંક્ષિપ્ત તેમનો ઉપદેશ અને પરિચય સાથે વચનામૃતના વૈદિક સિદ્ધાન્ત અને ઉપદેશને આપણે જાણ્યો. હવે પછીના લેખમાળામાં સ. ગોપાળાનંદ સ્વામી વિરચિત ભાષ્યાર્થ સાથે છઠું માણ્ડૂક્યોપનિષદ્‌નો વિષયાર્થ, ઉપદેશ અને સંક્ષિપ્ત પરિચય આપવામાં આવી રહ્યો છે.)

અથર્વવેદ સંબંધી આ ઉપનિષદ્ બહુ નાનું છે. આ ઉપનિષદ્‌માં માત્ર ૧૨ જ મંત્રો છે. પરન્તુ અતિ ગહન અને જીવાત્માના મોક્ષ માટે અતિ મહત્વનું છે. કારણ કે આ ઉપનિષદ્‌માં ૐકારરૂપ પરમાત્માનું વિશિષ્ટ સ્વરૂપ અને તેની ઉપાસનાનો વિધિ અને તેનું ફળ બતાવવામાં આવ્યું છે.

### ૐકાર બ્રહ્મ છે.

ओम् इति एतद् अक्षरम् इदम् सर्वम् । तस्य उपव्याख्यानम् भूतं भवद्भविष्यदिति । सर्वम् ओंकार एव । यच्च अन्यत् त्रिकालातीतं तद् अपि ओंकार एव ।

ૐકાર અક્ષર છે. જેમાં અ, ઉ અને મ, આ ત્રણ માત્ર અને પૂર્ણ ૐકારની તુલના ચાર અવસ્થાઓ જગ્રત, સુપ્ત(સ્વપ્ર), સુષુપ્તિ અને તુરીયાવસ્થાથી કરવામાં આવે છે. જાગ્રત જેમાં જીવાત્મા હલન-ચલન તેમજ તમામ ક્રિયાઓ કરી શકે છે. સુપ્ત (સ્વપ્ર) સુષુપ્તિ અવસ્થામાં મુખ્ય ભેદ એ છે કે સુપ્ત અવસ્થામાં સ્વપ્ર દેખાય છે. પરન્તુ સુષુપ્તિ અવસ્થામાં સ્વપ્ર દેખાતાં નથી. આ અવસ્થામાં મનુષ્ય ગહન નિદ્રામાં સુઇ જાય છે. આવી રીતે ૐકારના સ્વરૂપનું વિવરણ કરતું આ ઉપનિષદ્ છે. કહેવાય છે કે કેવળ આ નાના ઉપનિષદ્‌નું મનુષ્ય મનન કરે તો અવશ્ય મોક્ષ પ્રાપ્ત કરી લે છે.

सर्वम् हि एतद् ब्रह्म अयमात्मा ब्रह्म सः

अयमात्मा चतुष्पात् ।

આ ચારે બાજુ દેખાતું બધું જ જગત્ બ્રહ્મ છે. અર્થાત્ બ્રહ્માત્મક છે. બ્રહ્માત્મકનો અર્થ થાય છે બ્રહ્મ જેનો આત્મા છે અને જગત્ જેનું શરીર છે. આ જીવાત્મા પણ બ્રહ્માત્મક છે. અર્થાત્ જીવ જેનું શરીર છે અને બ્રહ્મ તેનો આત્મા છે. આ પ્રત્યગાત્મા ચાર પાદ વાળો છે.

(આ ઉપનિષદ્‌ના મંત્રમાં વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્તનું પૂર્ણત પ્રતિપાદન કરવામાં આવ્યું છે જેમ કે -વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્તમાં - चिद् - अचिद् विशिष्टम् अद्वैततत्त्वम् परब्रह्म परमात्मा नारायण एव इति । અર્થાત્ ચિત્ - જીવાત્મા, અચિત્ - જગત્ આ બન્ને જેનું શરીર છે અને પરમાત્મા જેનો આત્મા છે આવું આ બન્નેથી વિશિષ્ટ પરમાત્મા અદ્વિતીય તત્ત્વ છે. આ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્ત આ મંત્રમાં સ્પષ્ટ થાય છે કે જગત્ અને જીવાત્મા બન્ને બ્રહ્માત્મક છે. બ્રહ્મ બન્નેનો આત્મા છે. તેથી જીગત્, જીવાત્મા અને પરમાત્મા આ ત્રણ તત્ત્વ નિત્ય જુદાં છે. તેથી તત્ત્વત્રય સિદ્ધાન્ત સ્પષ્ટ થાય છે.)

આહિયાં આ વિષયને સ્પષ્ટ એટલા માટે કરવો પડે છે કે - કેટલાક વિદ્વાનોનો એવો સિદ્ધાન્ત છે કે જીવાત્મા જ બ્રહ્મ છે. अहं ब्रह्मास्मि । આવી કેટલીક શ્રુતિઓના અર્થ જીવાત્મા જ બ્રહ્મ છે એવો કરતા હોય છે પરન્તુ એ શ્રુતિનો અર્થ એવો થાય છે કે જીવાત્મા બ્રહ્માત્મક છે અર્થાત્ જેવી રીતે શરીરનો આત્મા જીવાત્મા છે તેવી રીતે જીવાત્માનો પણ આત્મા બ્રહ્મ છે. જીવાત્મા વિના શરીર કાંઇ કરવાને સમર્થ નથી. તેવી રીતે જીવાત્મા પણ પરમાત્મા વિના કાંઇ પણ કરવાને સમર્થ નથી. તેથી જીવાત્મા ક્યારેય પણ ભગવાન થઇ શકતો નથી.

ભગવાનશ્રી સ્વામિનારાયણે વચનામૃત ગઢડાના અં. ૩૭માં આ સિદ્ધાન્તને અત્યન્ત સરલ શબ્દોમાં સમજાવતાં કહે છે. "ભગવાન જેવા તો એક ભગવાન જ છે પણ બીજો કોઇ નથી. અને ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા એવા જે ભગવાનના ધામમાં ભક્ત છે તેનો આકાર પણ ભગવાન જેવો છે. તો પણ તે પુરુષ છે, ને ભગવાન પુરુષોત્તમ છે, ને તે સર્વમાં શ્રેષ્ઠ છે, ને એમને ઉપાસ્ય છે, સર્વેના સ્વામી છે ને એ ભગવાનના મહિમાનો કોઇ પાર પામતા નથી. એવા દિવ્યમૂર્તિ જે ભગવાન તે નિર્ગુણ છે, ને ધ્યેય છે, અને એનું જે ધ્યાન કરે છે તે નિર્ગુણ થઇ જાય છે. એવું ભગવાનનું સ્વરૂપ છે. અને એ ભગવાન છે તે પોતાના ધામરૂપ એક દેશને વિષે રહ્યા થકા જ અન્વયપણે અનેક બ્રહ્માંડને વિષે રહ્યા જે સર્વે જીવના સમૂહ તેમને વિષે તેમના યથાયોગ્ય કર્મફળ પ્રદાતાપણે અંતર્યામીરૂપે કરીને રહ્યા છે, અને સર્વે જીવના જીવન છે, ને એ વિના એ જીવ કાંઇ કરવાને ને ભોગવવાને સમર્થ નથી થતો." (ગ.અં.પ્ર.૩૭મું)

આ વિષયને ભગવાન શ્રીસ્વામિનારાયણે ગઢડાના પ્રથમના ૬૪મા વચનામૃત અનેક રીતે સ્પષ્ટ કર્યો છે. " પુરુષોત્તમ એવા જે ભગવાન, તેનું શરીર આત્મા તથા અક્ષર છે." " ભગવાન જે તે સ્વતંત્ર છે ને આત્મા ને અક્ષર તે તો ભગવાનને આધીન છે - પરતંત્ર છે અને ભગવાન જ તે અતિ સમર્થ છે ને આત્મા ને અક્ષર તે તો ભગવાનની આગળ અતિ અસમર્થ છે. એવી રીતે ભગવાન જ તે એ બેયના શરીરિ છે અને એ બેય જે તે ભગવાનનું શરીર છે." (ગઢડા પ્ર.વ. ૬૪મું)

આ વચનામૃત શ્રીજી મહારાજે જીવાત્મા અને અક્ષરને પણ ભગવાનનું શરીર કહ્યું છે તેથી તાત્પર્ય એ થયો કે ભગવાન સિવાય જીવ, ઈશ્વર. માય અને બ્રહ્મ(અક્ષર) આ સર્વે ભગવાનનું શરીર છે અને ભગવાન તે સર્વેના શરીરિ છે.

" હું આત્મા છું અને જે પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે, તે પરમાત્મા છે." (સારંગપુર.વ. ૧લું)

" પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યું જે, " હે મહારાજ ! આત્મા અનાત્માની ચોખી જે વિક્તિ તે કેમ સમજવી? જે સમજવે કરીને આત્મા અનાત્મા એક સમજાય જ નહિ" આ પ્રશ્નો ઉત્તમ આપતાં શ્રીજી મહારાજ કહે છે - "પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, એક શ્લોકે કરીને અથવા બે શ્લોકે કરીને અથવા પાંચ શ્લોકે કરીને અથવા સો શ્લોકે કરીને અથવા હજાર શ્લોકે કરીને જે ચોખું સમજાય તે ઠીક છે, જે સમજાણા કેડે આત્મા અનાત્માના એકપણાનો લોચોજ રહે નહી અને ચોખું સમજાઇ જાય તે જ સમજણ સુખદાઇ થાય છે" (સારંગપુર વ. ૪થું)

" પરિપક્વ જ્ઞાની તેને તો આત્માનું જ અભિમાન દ્રઢ રહે છે ને તે પોતાના આત્માને બ્રહ્મરૂપ માને છે અને તે બ્રહ્મને વિષે પરબ્રહ્મ જે પુરૂષોત્તમ ભગવાન તે અખંડ વિરાજમાન છે અને તે ભગવાનના સ્વરૂપનો નિશ્ચય પણ એને અખંડ ને અખંડ રહ છે." (સારંગપુર વ. ૧૨મું)

"એ નારાયણ જેવા તો નારાયણ જ છે એમ સર્વે શાસ્ત્રોનો સિદ્ધાન્ત છે" (લોયા નું ૧૩મું)

ઉપનિષદના બીજા ખંડથી ચારે પાદોનું અનુક્રમથી નિરૂપણ કરતાં કહે છે - जागरित्तस्थानो बहिःप्रज्ञः सप्ताङ्ग एकोनविंशतिमुखः स्थूलभुन्वैश्वानरः प्रथमः पादः ।

(૧) વૈશ્વાનર આત્માનો પહેલો અંશ છે. જાગ્રત અવસ્થા જેનું સ્થાન છે. બાહ્ય રૂપાદિ પદાર્થનો અનુભવ કરનારો, સાત અંગવાળો, ઓગળીસ મુખવાળો અને સ્થૂલ પદાર્થ - વિષયનો ભોક્તા છે એવો વૈશ્વાનર એ આ આત્માનો પહેલો અંશ છે.

"આ જીવ જ્યારે સત્વગુણ પ્રધાનપણે વર્તતો હોય અને ત્યારે જે કર્મ કરે તે કર્મનું ફળ જાગ્રત અવસ્થા છે" (ગઢડા પ્ર.વ.૬૫મું)

स्वप्नस्थानोऽन्तःप्रज्ञः सप्ताङ्ग एकोनविंशतिमुखः प्रविविक्त भुक् तैजसो द्वितीयः पादः ।

(૨) તૈજસ આત્માનો બીજો અંશ છે. સ્વપ્ર અવસ્થા જેનું સ્થાન છે. અંદર સ્વપ્રને જાણનારો. સાત અંગવાળા તથા ઓગણીસ મુખવાળો અને સુક્ષ્મ સ્વપ્રના ભોગોને ભોગવનાર છે અર્થાત્ સ્વપ્ર અવસ્થામાં રહીને ભોગોને ભોગવનાર તૈજસ્ એ આત્માનો બીજો અંશ છે.

"આ જીવ જ્યારે રજોગુણ પ્રધાનપણે વર્તે અને તે સમયમાં જે કર્મ કરે તે કર્મનું ફળ સ્વપ્ર અવસ્થા છે." (ગઢડા.પ્ર.વ.૬૫મું)

ક્રમશઃ

## જુલાઈ મહિનાની આગામી કથાઓ

| તારીખ | ગામનું નામ | યજમાનશ્રીઓ |
|---|---|---|
| તા. ૩૦-૬-૧૪થી ૪-૭-૧૪ | ભુજ | ગામ સુખપરના સાંખ્યયોગી લાલબાઈ શીવજી વાગડીયા તરફથી પાંચ દિવસની કથા પારાયણ ભુજ મંદિરમાં |
| તા. ૬-૭-૧૪થી ૧૨-૭-૧૪ | ભુજ | શ્રી સ્વામિનારાયણ મંદિર વિલ્સડન લંડનના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પાંચ દિવસની કથા પારાયણ ભુજ મંદિરમાં |
| તા. ૨૧-૭-૧૪થી ૨૫-૭-૧૪ | ભુજ | સુખપરના પ્રેમજીભાઈ કરસન વરસાણી તરફથી કથા પારાયણ પાંચ દિવસની |
| તા. ૨૭-૭-૧૪થી ૩૧-૭-૧૪ | બળદીયા (નીચલોવાસ) | હિરજીભાઈ કાનજી કેરાઈ પરિવાર તરફથી બળદીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. |
| તા. ૨૮-૭-૧૪થી ૧-૮-૧૪ | માધાપર | અ.નિ. પિતાશ્રી કાનજી શીવજી હિરાણી તથા અ.નિ. માતુશ્રી પ્રેમબાઈ હસ્તે સુપુત્ર મનજીભાઈ કાનજી હિરાણી તરફથી પાંચ દિવસની શ્રીમદ્ ભાગવત કથા પારાયણ |

# પારકું દ્રવ્ય હરામ

અહેવાલ :- ડો. એચ. વી. કેરાઈ (અંજાર)

શ્રીજી મહારાજ પોતાના સત્સંગીને ખાસ ભલામણ કરી છે કે અમારા સત્સંગીઓએ પારકાનું દ્રવ્ય લેવાની લગીરે પણ ઈચ્છા સેવવી નહિ. પારકુ દ્રવ્ય હરામ છે. એને ચોરવાનો સંકલ્પ આવવો જોઈએ નહિ.

શ્રી સ્વામિનારાયણ ભગવાને એક એવા સત્સંગ સમાજની રચના કરી છે કે જેમાં કોઈ પણ સત્સંગીને અન્ન વસ્ત્રની તકલીફ ન પડે. અને દરેકને પોતાના જીવનમાં સંતોષ રહે. શ્રી સ્વામિનારાયણ ભગવાને ઉદ્ધવ સંપ્રદાયની ગાદી ગ્રહણ કર્યા પહેલાં ગુરુ રામાનંદ સ્વામી પાસે બે વરદાન માંગેલા એમાનું એક કે પ્રભુએ સત્સંગી કદી અન્નવસ્ત્રે દુઃખી ન થાય. પ્રભુએ સત્સંગીને ગળથુથીમાં જ એવું વચન આપ્યું કે કપરા સંજોગોમાં પણ પ્રભુનો સાચો સત્સંગી કોઈ પારકા દ્રવ્ય પર નજર ન નાખે.

સત્સંગમાં કીર્તનની એક કિંમતી કડી છે જે સત્સંગી માત્રને ધ્યાનમાં હશે, ''પડી વસ્તુ કોઈની હાથે ન ઝાલે રાજ'' સત્સંગનો આ અદ્‌ભુત સિધ્ધાંત સમજુ બાળકોથી માંડીને વૃધ્ધ પણ પાળતા હોય છે. એક વખતના ખૂંખાર લૂંટારા જોબનપગી પણ સત્સંગી બન્યા પછી એ સિદ્ધાંતને વર્યા છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનના જે જે સત્સંગી રાજાઓ થઈ ગયા એ પણ પારકી સંપતી હડપ કરવાથી ઘણા દૂર રહેતા હતા.

કોઈની, પારકાની વસ્તુ લેવાનો વિચાર માત્ર ન આવે, પારકી વસ્તુ પર જ્યાં દૃષ્ટી જ ન રહે એ સત્સંગી સમાજ કેટલો સુખી સંપન્ન હોય ?

સંપ્રદાયમાં સગરામ વાઘરીનું નામ જાણીતુ છે. શિકારીમાંથી સત્સંગી બનેલ સાવજ નબળી પરિસ્થિતિનો માનવી સગરામ વાઘરી સત્સંગી બન્યાં પહેલાં નાની મોટી ચોરી કરી લેતો પારકું દ્રવ્ય એને મીઠું લાગતું પણ ભગવાનની કંઠી પહેર્યા પછી પારકું દ્રવ્ય એના માટે હરામ બની ગયું.

એક દિવસ લોયાનું કોડી દંપતી પ્રભુ દર્શનાર્થે ગઢડા જવા રવાનો થયો. પોતે આગળ અને એની પત્ની થોડી પાછળ રહી ગઈ. રસ્તામાં રેતી પર કોઈનું સોનાનું કડું પડેલું જોયું એણે વિચાર્યું કે પાછળ મારી સ્ત્રી આવે છે અને અત્યારે કડકાઈના દિવસો ચાલે કે એટલે કદાચ એની પત્ની આ સોનાનું કડું દેખશે તો કદાચ એને લાલચ આવી જશે અને શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાનો લોપ થશે. એમ વિચારી પગે કરીને એ કડાં પર રેતી વાળી દીધી. જેથી એની પત્નીની નજર એના પર ન પડે. પણ આ તો સત્સંગીની નાર ! એણે પોતાના ધણીને કંઈક વસ્તુ પર રેતી દાટતા જોયા. જેથી એણે પોતાનો રસ્તો જ બદલી નાખ્યો પછી નજર નાખવાની કે લાલચ આવવાની વાત જ ક્યાં આવી ! આગળ પત્નીએ પતિને પૂછ્યું રસ્તામાં પગેથી શું કરતા હતા ? ત્યારે કહે સોનાનું કડું પડેલ મને એમ કે કદાચ તારું મન લલચાય તો મહારાજની આજ્ઞાનો ભંગ થાય એટલે ! ત્યારે બાઈ કહે એતો પારકું દ્રવ્ય ધૂળ જ છે ધૂળ ઉપર ધૂળ શું વારી ? કેવી સમજણ ?

શ્રી સ્વામિનરાયણ ભગવાને સત્સંગમાં ''પડી વસ્તુ કોઈની હાથ ન ઝાલે'' અમલમાં મૂક્યું અને એક શુધ્ધ સત્સંગી સમાજની રચના કરી. જ્યાં લાલચ ન હોય, અસંતોષ ન હોય. અને અને ચોરીનું નામ પણ ન હોય. આવો રળિયામણો સત્સંગ આપીને શ્રીજી મહારાજે તમામ હરિભક્તોને નવાજી દીધા છે. આવો આપણે પણ આવાજ બનવા પ્રયત્ન કરીએ.

# સાહસ ન કરવું

અહેવાલ :- જોધાણી રમીલા દેવજી,
માનકુવા(ભક્તિનગર)

સાહિત્ય જગતમાં પ્રખ્યાત કવિ થઈ ગયા છે તેનું નામ ભારવિ, બહુ પ્રખ્યાત આખા દેશમાં સૂર્યનો પ્રકાશ ફેલાય તેમ એની કીર્તિ ફેલાઈ હતી. એવા મહાન કવિ દસ વર્ષની ઉંમરે વિદ્યામાં પંડિત બની ગયા. એના પિતા કાયમ એને વઢે ઠીક છે. બોલકો છોકરો છે બાકી કાંઈ નથી. ભારવિને એમ થાય છે કે મહાન પંડિતો મારી પ્રશંસા કરે છે. મારા પિતાને મારી વિદ્વતાની કદર નથી. આના કરતા મારો બાપ જલદી મરી જાય તો સારું આવો ઝેરી વિચાર એના મગજમાં આવ્યો. રાત્રે તેના પિતા અને માતા પર્ણકુટીમાં સૂતા છે. ભારવિ બહાર સૂતો છે. રાત્રે વિચાર આવ્યો કે મારા પિતા સૂતા છે. તેને મારી નાખું. અને વજનદાર ઘંટીનું પળ ઉપાડ્યું ધીમે રહીને ઝૂંપડીમાં ઉપર ચડ્યો. ઘાસ ખસેડ્યું અંદર જોયું. બાપાનું માથું બરાબર કપાઈ જાય એ રીતે ઉપરથી પડ ફેંકું એવો વિચાર આવ્યો.

જોગાનું જોગ એ વખતે અંદર એના માતા પિતા વાતો કરતા હતા. માતા કહે છે : પતિ દેવ ! આપણો પુત્ર કેટલો પંડિત, આટલો વિદ્વાન સમાજમાં એની પ્રશંસા થાય છે. તમે એની પ્રશંસા કેમ નથી કરતા ? પિતા જવાબ આપે છે, દેવી તને ખબર ન પડે, હજુ તો આખું જગત વખાણે એવો મારા પુત્રને બનાવવો છે. જો હું પ્રશંસા કરીશ તો અભિમાન આવી જશે. અભિમાન આવે એટલે પ્રગતિ અટકી જાય. હું જરા વઢ્યા કરું તો અભિમાન ન આવે. મને મારા દીકરા પર બહુ જ ગૌરવ છે. મારા દીકરા ઉપર સરસ્વતીની કૃપા છે. મારી છાતી ગજગજ ફૂલે છે મારે ઘેર આવો દીકરો જન્મ્યોએ ઈશ્વરની મોટી કૃપા છે. પિતાની વાણી સાંભળી ભારવિ ધીમે રહીને નીચે ઉતરી ગયો. આખી રાત રડ્યો. મારા આવા પવિત્ર પિતાને હું મારવા તૈયાર થયો ? સવારે નાઈ ધોઈને પગે લાગ્યો અને પૂછ્યું : પિતાજી ! કોઈ સગા બાપનું મૃત્યું કરે એને શું પ્રાયશ્ચિત આવે એ મારે જાણવું છે. પિતાએ કહ્યું એક વર્ષ સસરાને ઘેર રહે અને સસરાની ગાયો ચારે તો એ પાપનું પ્રાયશ્ચિત થાય. ભારવિ પિતાને નમસ્કાર કરીને કહે છે કે હું ત્યાં જાઉં છું. પિતાએ કહ્યું તને હું માફી આપું છું. પણ ભારવિ માન્યો નહિ. એ જમાનામાં સસરાના ઘરે રહેવુંએ ગૌરવહીન ગણાતુ. ભારવિ સસરાને ત્યાં પહોંચી જાય છે. ત્યારે તેની પત્ની કહે છે કે કેમ અહીં આવ્યા. ત્યારે ભારવિ કહે છે કે અહીં રહેવા આવ્યો છું અરરર ! પત્ની કહે છે કે અમારું અહીં પૂરું પડતું નથી ને તમે એક વર્ષના મહેમાન ! સસરાના ઘરની ગરીબી જોઈને ભારવિને દુઃખ થાય છે. પોતાના ખોટા સાહસનું સ્મરણ થતાં કંપી ઉઠે છે.

ખોટો સાહસ કરનારો ગૃહસ્થ ભારવિની જેમ દુઃખી થાય છે. વિચારીને કામ કરનારો ગૃહસ્થ સંપતિવાન બને છે. શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે કે કોઈ વ્યવહારિક કાર્ય વિચાર્યા વિના ન કરવું. વ્હાલા ભક્તો ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ ભગવાને આપણે ઘણી સંપત્તિ, આપણા ઉપર પાણીની જેમ લહેર કરી છે. આવા સંતો મળ્યા છે. તેને પૂછીને પછી કામ કરશું તે જીવનમાં ક્યારેય પણ પસ્તાવવાનો વારો નહિં આવે.

# ગૌમાતાનો આદર કરીએ

ભગવાને દરેક મનુષ્ય માટે કાર્યકલાપ નક્કી કરેલો છે. દરેક વ્યક્તિએ કાર્યકલાપને અનુસરવું અત્યંત જરૂરી છે. છતાં કેટલીક વખત મનુષ્ય ઈચ્છાનુસાર અથવા તો લોભ, કામ અને મોહને વશ થઈ સ્વધર્મનો પરમાત્માએ નક્કી કરેલ કાર્યકલાપનો ત્યાગ કરી અધર્મને અનુસરે છે. દરેક વ્યક્તિ જો શાસ્ત્રો દ્વારા નક્કી કરેલ સ્વધર્મને અનુસરે તથા તે મુજબ કર્મ કરે તો તે પોતાનું, પોતાના કુટુંબીઓનું તથા સમગ્ર સમાજનું કલ્યાણ કરી શકે છે. અને કદાચ જો કોઈ મનુષ્ય લાલચને વશ થઈ અથવા બીજા કોઈ પરિબળોને વશ થઈ સ્વધર્મનો ત્યાગ કરે છે ત્યારે તેના આ કુકર્મથી પોતાનું તથા તેના સ્વજનોનું બહુ જ અહિત થાય છે અને પરમાત્માની કૃપાથી મળેલું જીવન રાખમાં રગદોળ થઈ જાય છે. સનાતન ધર્મમાં સંત, બ્રાહ્મણ, ગાય અને ગરીબને કાંઈક વધારે વિશેષ ગણવામાં આવ્યા છે. ધર્મ વૈદિક હોય કે અવૈદિક પણ કાંઈક વત્તા ઓછા અંશે એ સર્વ ધર્મોમાં ચારનું કાંઈક વિશેષ રીતે ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે. ભારતીય વેદ, પુરાણો અને શાસ્ત્રોમાં એ ચારેનું મહાત્મય વ્યવસ્થિત રીતે જોઈ શકાય છે. પરંતુ અહીં આ ચાર અંતર્ગત કેવલ ગાયની મહાનતા વિશે વાત કરીએ તો..

અત્યારે આ હળાહળ કળિયુગમાં ગાયનું મહાત્મય એક અબોલ પશુ તરીકે જ બાકી રહ્યું છે એમ કહીશું તો કદાચ અતિશયોક્તિ નહી કહેવાય કારણ કે આજે અનેક દેશોમાં ગાયમાતાની ખુલ્લેઆમ કતલ થાય છે.

ગૌમાતાના જો ઉપકાર આપણે જોવા જઈએ તો કેવલ સમગ્ર માનવજાત પર નહીં પણ અન્ય વિવિધ પ્રકારની સવલતો માટે જેમકે ખેતી, વૃક્ષ અને જમીન વિગેરે માટે ગાયના અગ્રગણ્ય ઉપકારો છે. ખેદની વાત છે કે મનુષ્ય એ ઉપકારને ભૂલી પોતાના ક્ષુલ્લક સ્વાર્થ ખાતર ગૌ-હત્યાનું પાપ પોતા ઉપર વહોરી લે છે.ખરેખર એ મનુષ્ય માટે અતિ ક્ષોભજનક અને દુઃખદાયક છે કારણ કે ગૌ-હત્યા જેવું ભીષણ અને ઘોર પાપ બીજું કોઈ નથી.

પુરાણોમાં કહેવાય છે કે મનુષ્ય માત્રનું એ પરમ કર્તવ્ય છે કે તે ગૌમાતાનું રક્ષણ કરે, વિશેષ સત્તાધીશોનું તો એ ખાસ કર્તવ્ય છે કે કોઈ પણ રીતે ગૌમાતાનું રક્ષણ કરે જ. વળી, શ્રેષ્ઠ રાજા તે કહેવાય છે કે જે ગૌબ્રાહ્મણ પ્રતિપાલ હોય, આમ છતાં ગૌહત્યા જેવું ભીષણ પાપ મનુષ્ય પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વહોરવામાં આવતું હોય તો તેનું ભારે વિનાશાત્મક પરિણામ આવે છે.

દક્ષિણ ભારતમાં એક ગામમાં એક ધનિક વૈશ્ય કુંટુંબ રહેતું હતું. ધનધાન્યથી સંપન્નએ કુટુંબ હતું. એ પરિવારમાં ૭૦-૭૫ જણ હતા. તે ઘરમાં ઘણી ગાયો હતી. તેઓ આ ગાયોનાં દૂધ, દહીં, છાશ અને માખણ ગામના લોકોને વહેંચી સારું એવું ધન કમાઈને સુખેથી પોતાનું જીવન ગુજારતાં હતા. તેમના ઘરમાં એક ગાય ખૂબ જ તોફાની હતી. તે ગાયને દોહવા તથા ચરવા માટે લઈ જવાય તે વખતે તેને ખૂંટામાંથી છોડવા જતાં તે ખૂબ જ આક્રમક બની જતી હતી. છોડવા જનાર વ્યક્તિને ખૂબ જ પરેશાન કરતી હતી. રોજરોજની આવી પરેશાનીથી તંગ આવીને તે વૈશ્ય વણિકે તે ગાયને વેંચવાનું નક્કી કર્યું.

એ ગાય તેણે કસાઈને વેંચી દીધી. એ ગૃહસ્થે એટલો મનમાં વિચાર ન કર્યો કે હું આ ગાય કોને ત્યાં વેંચુ છું ? પોતાના મનમાં નક્કી કરેલ કુવિચારને અમલમાં મૂકી વૈશ્યે કસાઈ પાસે જઈને તે ગાયને વેંચી દીધી. ગામલોકોને ખબર પડી કે કસાઈને ત્યાં ગાય વેચાઈ છે. ત્યારે ગામ લોકોએ તે વૈશ્યને ખૂબ સમજાવ્યો અને તેને તેમ કરવા રોક્યો. પણ તે રોકાયો નહીં. હવે ગાયને લેવા તે ગામમાં કસાઈ આવ્યો ત્યારે તે પોતાની રીતે તે ગાયને ખૂંટીમાંથી ખોલવા ગયો. રસ્સી ખૂલતાંની સાથે જ તે ગાય ઊભી થઈ કસાઈની આગળ આગળ ચાલવા લાગી. તે ગાય એવી રીતે આગળ ચાલી જાણે કોઈ સારી જગ્યાએ જવા તત્પર થઈ હોય તેમ. આ દ્રશ્ય જોઈ ગામના કેટલાક લોકોએ તે વૈશ્યને સમજાવવા લાગ્યા અને કહેવા લાગ્યા કે, "લાલાજી ! ગાય પાછી લઈ લે ! ભલો થઈને અમારું થોડું માન, અરે ! ખબર નથી કે આતો સાક્ષાત્ લક્ષ્મી છે ! અને ઘરની લક્ષ્મી ને તું કસાઈને હાથ વેંચે છે ? આવું કોઈ કરતું હશે ભલા !" પરંતુ વિનાશ કાલે વિપરીત બુદ્ધિ એ કોઈનું માન્યો નહીં.

આ બનાવ પછી તે કુટુંબમાં સર્વને ખૂબ જ અપશુકનો થવા લાગ્યા. એક રાત્રે વૈશ્યના સ્વપનામાં તે ગાય આવીને જાણ કે શાપ આપતી હોય તેમ બોલી " તેં મારી વાસ્તવિકતા ન સમજીને મને નિર્દય કસાઈને હવાલે કરી અત્યંત હીન કૃત્ય કર્યું છે. તારા ભાગ્યને જોયા વિના મારો અપરાધ તેં જોયો છે. મારા તોફાન કરવાના કારણને સમજ્યા વિના તેં આ અનિષ્ટ કાર્ય કર્યું છે. માટે જા હવે તારો અને તારા પરિવારનો સર્વનાશ નજીકમાં જ તને જોવા મળશે. હું તારા અપકૃત્યને મારા કૃત્યથી દૂર કરતી હતી પણ તારાથી મારું કૃત્ય પણ સહન ન થયું અને નિર્દય થઈ મને કતલખાને મોકલાવી."

થોડા સમય પછી ગામમાં ભયંકર પૂર આવ્યું અને તેમાં વૈશ્યનું ખેતરમાં વાવેલું બધું અનાજ વહી ગયું. તે વૈશ્યનું ઘર પણ તે ખેતરની નજીક જ હતું. જેમાં તેમણે અને ગામના લોકોએ તેની પાસે ગીરવે મૂકેલ ઘરેણાં અને આભૂષણો રાખ્યા હતા. તે સર્વ પદાર્થો પૂરના જોરદાર પ્રવાહને કારણે ઘર સહિત તણાઈ ગયા. આ બનાવ પછી તરત જ ગામમાં પ્લેગનો પ્રકોપ શરૂ થયો અને ફક્ત સાત-આઠ દિવસનાં પ્રકોપમાં જ તે કુટુંબના સ્ત્રી, પુરુષ અને બાળકો સહિત ૬૦ જણ કાળના મુખમાં હોમાઈ ગયા. ધન-ધાન્યથી અત્યંત સમૃધ્ધ આ વિશાળ પરિવાર ગાય માતાની અવહેલનાથી અથવા એમ કહો કે તેના શાપથી છિન્નભિન્ન થઈ ગયું. પગભર થઈ શક્યું નહી.

આમ, અંગત સ્વાર્થ અને શાસ્ત્ર વિરુધ્ધ કરેલ કર્મથી કેવું ગંભીર પરિણામ આવે તે અહીં જોઈ શકાય છે. એટલે જ તો આપણા પ્રાચીન ધર્મશાસ્ત્રો કહે છે કે ગાય, બ્રાહ્મણ, સંત અને વેદ તેમની અવહેલના ન કરવી. તેમનું રક્ષણ કરવાથી પોતાનાં પૂર્વ અપકૃત્યનું શમન થાય છે અને ઘરમાં સુખ શાંતિ વધે છે. વળી બ્રાહ્મણ સ્વયં પોતાની રક્ષા કરવા સમર્થ છે અથવા રક્ષા કરાવી શકે છે પરંતુ ગાયો માટે આ સંભવ નથી. ગૌરક્ષાના ફળ આ લોકમાં જેમ સુસ્પષ્ટ છે તેમ પરલોકમાં પણ છે.

આ હેતુથી ગૌરક્ષણ કરવું એ માનવમાત્રની જવાબદારી છે. જેમ ગાય માનવજાત પ્રત્યે પોતાની જવાબદારી બજાવે છે તેમ મનુષ્યમાત્રને પોતાની ફરજ સમજી ગૌહિતના તમામ ઉપાયો માટે પોતાની

ફરજ બજાવવી જોઈએ. ગૌહિત માટે શક્ય તેટલાં પગલાં ભરવા જોઈએ, નહીં તો આ જગતમાં મનુષ્ય જેવો કૃતઘ્ની અને વિશ્વાસઘાતી અન્ય કોઈ નહીં કહેવાય. વળી એટલેથી પુરતું નથી પણ તેનાથી માનવજાત માટે જે ભારે ખતરનાક પરિણામ આવશે તે સર્વને માટે અત્યંત વિનાશક ભયંકર હશે.

ગાયની હત્યાઓ કરીને, દેશને સમૃધ્ધ બનાવવા દેશના શાસકગણ, સાચી સમૃધ્ધિના મૂળ ધોઈ નાખશે અને અનંત કાળ સુધી દુઃખના દરિયામાં સબડવા તૈયાર થયા છે. દેશવાસીને ફસાવવા ઘેલા બન્યા છે.

સ્વાર્થી નેતગણની માયાવી વાણીમાં ન સપડાઈ, શાસ્ત્ર પ્રતિપાદિત રાહ પસંદ કરી તે અને સંત, બ્રાહ્મણ અને ગાયની પ્રસન્નતામાં સર્વની સમૃધ્ધિ અને વૃધ્ધિ સમાયેલી છે. એવો દઢ નિશ્ચય રાખવામાં અને તે પ્રમાણે વર્તવામાં કાર્ય કર્યું છે.શાંતિ અને સુખ છે. એમાં જ ખરું સુખ સમાયેલું છે. આંતર અને બાહ્ય સુખનો વધારો પણ તેમાં છે.પરલોકનો રાહ અને આ લોકમાં શક્તિનો રાહ પણ આ પાયાની વાત અનુસાર ચાલવાથી જ ખુલ્લો થાય છે.

સંત, બ્રાહ્મણ અને ગાયની શક્તિ અનુસાર સેવાથી જીવનની અનેક વિટંબણાઓ સહેજે દૂર થઈ જાય છે. સાચા સુખનો પંથ ખુલ્લો તેનાથી જ થાય છે. તો સૌ પ્રયત્ન કરીએ કે જેથી ગૌમાતાનું શક્તિ અનુસાર રક્ષણ અને પોષણ કરી ગૌમાતાના આશીર્વાદ પ્રાપ્ત કરી સાચી કમાણી કરીએ.

ખુદ આપણો અંગની નકરી શકીર્ય તો જે સેવા કરે છે તેમને મન અને ધનથી સહયોગ તો જરૂર આપીયે.

અત્યારે ભુજ મંદિર દ્વારા ચાલતી સેવાકીય પ્રવૃત્તિમાં જોડાઈ સહભાગી થઈ ગાયની સેવા કરીએ.

અહેવાલ :- જાદવા આર. - માનકુવા

# ગુરૂ મહિમા

– મહાદેવ ધોરીયાણી

આપણા ધર્મશાસ્ત્રોએ દર્શાવ્યું છે કે ગુરુનો મહિમા અવર્ણનીય છે. સર્વના હૃદયમાં પરમાત્મારૂપે પ્રગટ પુરૂષોત્તમરૂપે વસેલા, જગતથી અતિ નિર્લેપ, પરહિતના અચલ વ્રતધારી, આ કળિકાળના સર્વ પાપોને દૂર કરનાર શ્રીજીના લાડીલા, પરમ પ્રેમાસ્પદ, સારા–સારા વિવેકીજ્ઞ, વ્યવહારકાર્યદક્ષ એવા ગુરૂદેવનો મહિમા ખરેખર અપરંપાર છે.

કળિયુગમાં જેમણે ધર્મનું ધોંસરૂં ધારણ કરી લીધું છે, જેનું શરણ પાપીનો ઉધ્ધાર કરાવવાનું છે, જે દયાના ભંડાર છે, જે સંસારરૂપી રોગનું મહાન ઔષધ છે. જે મહારાજના પરમ કૃપાપાત્ર છે, તેમને મળેલી શ્રીજીકૃપા પોતાના અધિકારી સેવકજનને પ્રિય, હરિભકોને, સંતવૃંદોને, પાર્ષદોને, વિદ્યાર્થીવર્ગને જે વહેંચી આચપે છે. એવા ગુરૂદેવનો જય હો. જ્યારે કૃપાદષ્ટિથી આ ગુરુ સેવક પર અમી નજર કરે છે ત્યારે વિષમય આ સંસાર અમૃત જેવો બની જાય છે ! પરમ પવિત્ર ગંગાના ઉજ્જ્વળ તરંગ સમાન ગુરૂના ચરિત્ર છે, તેમાં જે સ્નાન કરે છે તેનો જન્મ–મરણનો ફેરો ટળી જાય છે ! ગુરૂ કોણ ? અંધકારમાંથી પ્રકાશમાં લઈ જાય તે ગુરૂ. અંધકારમાં પ્રકાશ પ્રગટાવે તે ગુરૂ. શિષ્યને સાચું સુખ આપવા જે 'પારસમણિ'ની ભૂમિકા ભજવે તે ગુરુ, પિતલ સમા શિષ્યને ગુરૂ સોનામાં પરિવર્તન કરે છે. ગુરૂ વિશે આજકાલ વિવાહ પ્રવર્તે છે. આ વિવાહ ગુરૂની તેજસ્વીતા અને ઓજસ્વિતામાં રહેલી પૂર્ણિતા – અપૂર્ણતાને કારણે હોઈ શકે છે. મા પોતાના બાળકમાં શિક્ષણ અને સંસ્કારનું સિંચન કરે છે. એક સુમાતા સો શિક્ષક બરાબર છે. 'મા' પોતાના સ્તરની વ્યક્તિને શોધે છે. અને તે છે 'માસ્તર'. આમ જીવનમાં માના સ્તર પર

જો કોઈ પણ હોય તો છે 'માસ્તર' એટલે કે વિદ્યાગુરૂ. (ગુ – અંધકાર, રૂ – દૂર કરનાર).

આ વિદ્યાનો અંધકાર દૂર કરનાર. જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પાથરી, મુક્તિનું – મોક્ષનું મંગલ પ્રવેશ દ્વાર જે સિંચે છે તે સદ્‌ગુરૂ છે. માતા–પિતા તો જન્મદાતા છે, પણ જન્મ–મરણના બંધનમાંથી ગુરૂ જ મુક્તિ આપે છે. આજે પ્રત્યક્ષરૂપે સાક્ષાત શ્રીજી મહારાજ વિચરણ કર્યા કરે છે, અને ગામેગામ મૂર્તિપ્રતિષ્ઠાઓ કરે છે. આવા ગુરૂવર્યના આવા આચાર્યશ્રીના આવા સંતોના જીવનથી ભારતમાતા ધન્ય બને છે.

કુદરતી આફતો આવી પડે છે ત્યારે ક્ષુધાપીડિતો માટે અનાજ, ધન અને વરદોની ગંગા વહેવા લાગે છે, જેમાં 'દયા' અને 'દાન'ના તરંગો ઉછળે છે. 'નિત નિત ઉછળે છે, જિંદગીના મોજા, કોંક દિ ઈદ તો કોક દિ રોજા'.

કરૂણાનિધાન ગુરૂદેવની એવી કરામત છે કે, તે ચરણ વિના ચાલે છે ! શ્રવણેન્દ્રિય વિના સાંભળે છે ! આંખ વિના દેખે છે અને મન વિના વિચારનું ચિંતન કરે છે. અર્થાત એવી છે આચાર્યશ્રીની આર્ષદ્રષ્ટિ, દિવ્યદ્રષ્ટિ ! પીડિતોને પોતાના પ્રાણ સમાન માને છે. દરિદ્રોને નારાયણરૂપ જાણી તેમની સેવા કરે છે, વિદ્યાર્થીઓ માટે વિદ્યાદાનથી સુવિધાઓ સહર્ષ કરે છે. સંતોને સંસ્કૃત – શિક્ષણની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે 'પાઠશાળાઓને' પ્રાધાન્ય આપે છે. અજ્ઞાનને નષ્ટ કરવાવાળો જે બ્રહ્મરૂપ પ્રકાશ છે તે ગુરૂ શબ્દનો અર્થ છે.

ગુરુ રૂપ ભગવાનની આજ્ઞાએ લક્ષ્મણ રેખા છે. તેનું કોઈ ઉલ્લંઘન કરશે તો સીતારૂપી, સુમતિનું હરણ થઈ જશે. કવિશ્રી દુલા કાગ કહે છે 'ગુરૂ કી મહિમા કો કહે, કબહુ ન બરની જાય, નારદ, શારદ મુખ સહસ, કહત કહત સકુ ચાય'. ગુરૂદેવનો મહિમા અનંત અપાર છે. કવિ કે પંડિતોની એક જીભથી તેનું પુરેપુરૂં વર્ણન થઈ શકતું નથી. સાક્ષાત સરસ્વતી, નારદમુનિ અને શેષનાગ પણ એમના ગુણગાન કરતાં સંકોચ અનુભવે છે, લજ્જાને પામે છે.

જેમને 'સત્'નો સાક્ષાત્કાર થયો છે એવા સદ્‌ગુરૂને શાસ્ત્રોએ બ્રહ્મ, વિષ્ણુ અને મહેશની ઉપમા આપી છે. ટૂંકમાં ગુરૂ, બ્રહ્મા છે, ગુરૂ વિષ્ણુ છે, ગુરૂદેવ મહેશ્વર છે. એવા ગુરૂદેવ ખરેખર વંદનીય અને પૂજનીય છે. આધ્યાત્મિક તત્વના રહસ્યો પામવા માટે જીવનમાં ધર્મગુરૂનું મહત્વ અનેરૂં, અનોખું અને અનન્ય છે.

'બિના નયન પાવે નહિ, બિના નયનકી બાત, સેવે
સદ્‌ગુરૂ કે ચરણ, સો પાવે સાક્ષાત'

અંતઃકરણને ધોનારો સાબુ એટલે 'સત્સંગ', મનનો મેલ સત્સંગ દ્વારા ધોવાય છે. "If the body is ugly, do not mind, but mind should not be ugly' શરીર કદરૂપું હોય તેનો વાંધો નહિં, પરંતુ મન કદરૂપું ન હોવું જોઈએ.

સદ્‌ગુરૂને જ્ઞાનરૂપી લોચન ઉઘાડનાર કહ્યા છે. ગુરૂનું દ્વાર આધ્યાત્મિક પ્રયોગશાળા છે. 'સદ્‌ગુરૂ તમોને ઝંખું છું, પ્રખર સહરાની તરસથી..' આપણી આર્ય સંસ્કૃતિમાં ગુરૂને પ્રભુના પ્રતિનિધિ અને ધર્મ સંસ્કૃતિના સંરક્ષક અને પોષક માનવામાં આવ્યા છે.

મોહ–માયાના બંધન છુટી જાય છે. અજ્ઞાન અંધારું ટળી જાય છે અને સ્વસ્વરૂપનું દર્શન થાય છે. તેમજ પરમ આનંદની અલૌકિક અનુભૂતિ થાય છે.
આચાર્ય અને સદ્‌ગુરુઓની સરળ અને સાદી તેમજ લોકભોગ્ય જણાતી વાણીમાં આધ્યાત્મિક જગતનાં અનેક ગુઢ રહસ્યોને સહજમાં ખોલી આપ્યા છે અને દેશ–વિદેશમાં વિચરણ કરીને તેમની મરમી વાણીએ 'સ્વ'ની ઓળખ કરાવી આપી છે. શબ્દના અજવાળે આપણા દેહમંદિરમાં દીવો થઈ જાય છે !

દાસી જીવણના શબ્દોમાં કહીએ તો,

'અંજવાળું હવે અંજવાળું
ગુરૂ, તમ આવ્યે રે મારે અંજવાળું,
સદ્‌ગુરૂ શબ્દ જયારે શ્રવણ સુણાવ્યો,
ભેટ્યા ભીમને ભાગ્યું ભ્રમનું તાળું,
ગુરૂ, તમ આવ્યે રે મારે અંજવાળું ?'

આવું અંજવાળું થાય ત્યારે ભ્રમણાઓ છૂટી જાય છે, કારણ કે ગુરુવાણી કે સંતવાણીએ આત્માનો ખોરાક છે 'સ્વામમિનારાયણ' નામનો તારક મંત્ર આપી ભગવાનનાં દર્શન કરાવી આપ્યાં છે. આવા પ.પૂ. આચાર્યશ્રી અને સદ્‌ગુરૂઓને આપણા દંડવત્ પ્રણામ સહ 'જય સ્વામિનારાયણ'

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## ભુજ મંદિરે અ.નિ. સ.ગુ. સ્વામી હરિજીવનદાસજીની સ્મૃતિમાં પારાયણ યોજાઈ

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર તારીખ ૨૮-૫-૧૪ થી તા. ૧-૬-૧૪ સુધી અ.નિ. સ.ગુ. સ્વામી હરિજીવનદાસજીની પુણ્ય સ્મૃતિમાં શ્રી હરિવાક્ય સુધાસિંધુ તથા હરિબળગીતા પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ ઉજવાઇ ગયો.

તા. ૨૮-૫-૧૪ સવારે નિજ મંદિરથી પોથીયાત્રા વાજતે ગાજતે નિકળી હતી. જેમાં યજમાન પરિવાર પૂજનબાદ પોથીઓ માથા ઉપર લઈ શ્રી નરનારાયણદેવ સભામંડપમાં લાવ્યા હતા. પોથીયાત્રામાં વિદેશથી આવેલ હરિભક્તો તેમજ ગામેગામથી પધારેલ ભાઈ-બહેનો જોડાયેલ હતા. પૂજનબાદ સંતો તેમજ મુખ્ય તથા સહ યજમાનો તેમજ દરેક હરિભક્તોએ આરતી કરેલી હતી.

પ્રથમ દિવસે સવારે કથાના વક્તાપદે શાસ્ત્રી સ્વામી અક્ષરમુનિદાસજી હતા. તેઓએ કથા પ્રારંભ કરતા જણાવેલ કે અ.નિ. સ્વામી હરિજીવનદાસજીની પુણ્ય સ્મૃતિમાં આ કથા યોજવામાં આવેલ છે. તેઓ ત્યાગી સરળ સ્વભાવના સંત હતા. અને સ્વામીએ સવારના સત્રમાં શ્રી હરિવાક્યલ સુધાસિંધુ ગ્રંથનું વાચન કરેલ હતું.

બપોરપછીના સત્રમાં શાસ્ત્રી સ્વામી શુકમુનિદાસજી તથા પુરાણી સ્વામી દેવવિહારીદાસજીએ હરિબળગીતાની કથા સંભળાવેલ. સખત ગરમી હોવા છતાં વિદેશથી યજમાન પરિવાર તથા સત્સંગીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. સાંજે સભામાં દેશ-વિદેશથી પધારેલ હરિભક્તોને યજમાનશ્રીના બીલા સંતોના હાથે આપવામાં આવેલ.

દરરોજ સંતોના પ્રવચનો રાખવામાં આવતાં. બપોર પછીના સત્રમાં ગુજરાત રાજ્યના રાજ્યમંત્રીશ્રી તારાચંદભાઈ છેડા પધારેલ. તેઓનું સંતો તરફતી મંત્રીપદ મલ્યા બાદ પ.પૂ. મહંત સ્વામી દ્વારા સન્માનમાં શાલ તેમજ મોમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવેલ હતું. મંત્રીશ્રી તારાચંદભાઈએ સન્માન બદલ આભાર માનેલ. તેઓએ પોતાની સેવા મંદિરને પણ આપશે એમ જણાવેલ હતું. ત્યારબાદ તેમની હાજરીમાં શ્રીમદ્ ભાગવત મહાપુરાણ પંચમ સ્કંધ પુસ્તકનું વિમોચન કરવામાં આવેલ હતું.

તા. ૩૦-૫-૧૪ના રાત્રે રાસોત્સવ યોજવામાં આવેલ. જેમાં હરિભક્તો, યજમાન પરિવાર તથા સંતોએ ભાગ લીધેલ હતો.

તા. ૩૧-૫-૧૪ના સવારે ૮ વાગે પ્રસાદી મંદિરેથી ઠાકોરજીની શોભાયાત્રા નિકળેલ. જેમાં ગામેગામથી આવેલ હરિભક્તો વાજીંત્રો સાથે કીર્તન મંડળીઓથી જોડાયેલ. યજમાન પરિવાર તથા દેશ-વિદેશથી આવેલ હરિભક્તો સુંદર સાફાઓ પહેરી શોભાયાત્રામાં જોડાયા હતા. યજમાન પરિવારની બહેનોએ સુંદર વસ્ત્રો સાથે માથાપર કળશો લઈને જોડાયેલ. શહેરના મુખ્ય માર્ગોથી નૂતન મંદિરે કીર્તનો ધૂન તથા સંગીત સાથે વાજતે ગાજતે લાવવમાં આવેલ. આ પ્રસંગે ઉત્સવને શોભાવવા તથા આશીર્વચન આપવા પધારેલા મોટા મહારાજશ્રીનું મહંત સ્વામીએ હારથી સ્વાગત કરેલ. ગાયોના ચારા પેટે હાલે મંદિર તરફથી દરરોજ રૂ. એક લાખનો ઘાસચારો અપાય છે.

દાતાઓ તરફથી પણ દાન જાહેર થયેલ. સાં.યો. બહેનો તરફથી પણ ગાયો માટે સેવા મળેલી હતી. આ પ્રસંગે બે પુસ્તકોનું વિમોચન મોટા મહારાજશ્રી તથા મહંત સ્વામી સાથે આર્થિક સહયોગીના હસ્તે કરવામાં આવેલ. ''ઘર સત્સંગ સભા'' તથા શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂનની સી.ડી.નું વિમોચન થયેલ. સંતોના આશીર્વાદ બાદ મોટા મહારાજશ્રીએ આશીર્વાદમાં જણાવેલ કે ભુજના સંતો માટે અમોને ખૂબ જ ગૌરવ છે. ભુજના યુવાન સંતો કથાકાર બહુ જ સારા છે. હરિભક્તોને જણાવેલ કે શ્રી નરનારાયણદેવની આજ્ઞામાં રહેજો ખૂબ સજાગ થઈને સત્સંગમાં એકતા રહે તેનું ધ્યાન રાખજો.

તા. ૩૧-૫-૧૪ના બપોરપછીની કથામાં મોટા મહારાજશ્રીએ હાજરી આપેલ હતી. તેઓના હસ્તે જુદા જુદા વિભાગમાં સેવા આપનાર દાતાશ્રી હરિભક્તોને પહેરામણી કરવામાં આવેલ હતી. વડીલોના, સંતોના આશીર્વચન બાદ મોટા મહારાજશ્રીએ આશીર્વચનમાં જણાવેલ કે નિષ્ઠાનું બળ હોય તો સુખી થવાય છે. કચ્છનો સત્સંગ ખૂબ પ્રગતિ કરેલ છે. નિષ્ઠામાં ક્યારેય કચાસ ન આવે તે ધ્યાન રાખજો.સભાનું સંચાલન સુંદર રીતે કરવા બદલ સ્વામી અક્ષરપ્રકાશદાસજીને મોટા મહારાજશ્રી હાર પહેરાવી સન્માન કરેલ હતું.

સભાના અંતે ભૂકંપ પછી આપણા સત્સંગી ભાઈ-બહેનોએ જુદા જુદા વિષયમાં મેળવેલ માસ્ટર ડીગ્રીવાળા યુવાનો તથા યુવતી બહેનોને સન્માન આપતા પ્રશસ્તિ પત્ર મંદિર તરફથી મહંત સ્વામીના હસ્તે આપવામાં આવેલ હતા. યુવતી બહેનોને બહેનો મંદિરના મહંત સામબાઈ ફઈ તરફથી આપવમાં આવેલ.

અક્ષરનિવાસી સ્વામી હરિજીવનદાસજીના સંત મંડળના જુદા જુદા સંતોએ સ્વામીના ગુણોનું વર્ણન કરેલ હતું. શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ પોતાના ગુરુ અ.નિ. સ્વામી હરિજીવનદાસજીની ત્યાગી, સરળ સ્વભાવી સંત સદ્‌ગુરુ હતા. તેઓના જીવનમાંથી ઘણી પ્રેરણા મળેલ છે.

સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ સ્વામીના ત્યાગી જીવનથી ભુજ મંદિરમાં હરિભક્ત વધુ સનિષ્ઠ થયાનું કહી તેની સ્મૃતિમાં કથા દરમ્યાન પ્રતિદિન એક લાખ રૂપિયાનું નીરણ ગાયોને કરવાની જાહેરાત કરેલ હતી. તેના પ્રતિસાદરૂપે સાં.યો. મહંત સામબાઈ ફઈ, નારણપરના સાં.યો. કાંતાબેન પરબત તરફથી સેવા જાહેર કરેલ હતી.

આ કથાના મુખ્ય યજમાન નારણભાઈ મનજી કેરાઈ સુપુત્ર કાંતિભાઈ, બળદિયા રહ્યા હતા. વિશ્રામભાઈ લાલજી પિંડોરીયા - માધાપર, પરબતભાઈ ભીમજી શિયાણી - યુગાન્ડા, મેઘજીભાઈ કરસન વરસાણી, ભીમજી રામજી હીરાણી, ધનજીભાઈ વેલજી ભુડીયા, ખીમજી વેલજી પિંડોરીયા, નારાણભાઈ વેલજી ભુડીયા, વગેરે દાતાઓને મોટા મહારાજશ્રી દ્વારા પહેરામણી આપવામાં આવી હતી.

મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ અક્ષરવાસી સંતની સ્મૃતિ વર્ણવતા સ્નેહના સાગર ગણાવ્યા હતા. સ્વામી શ્રીહરિદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ્વામી પ્રેમપ્રકાશદાસજી અને અન્ય સંતોએ સર્વે યજમાનોની સંત ભક્તિને બિરદાવી હતી. પાંચ દિવસ સ્વામીને પ્રિય ગ્રંથો વચનામૃત તથા નિષ્કુળાનંદ કાવ્યનું મૌન વાંચન પારાયણ ૧૧ સંતોએ કરેલ હતું. પાંચે દિવસ આવેલા ભક્તોને ગરમીમાં રાહત રહે એ હેતુથી શેરડીના રસનો પ્રસાદ આપવામા આવ્યો હતો. પાંચ દિવસ સુધી કચ્છના સાં.યો. બહેનો પધારી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી અને બહેનો ભક્તોને દર્શન કથાવાર્તાનો લાભ આપ્યો હતો. આ કાર્યમાં કોઠારી સ્વામી ભગવદજીવનદાસજી, કોઠારી સ્વામી દિવ્યસ્વરૂપદાસજી તથા પુરુષોત્તમસ્વરૂપદાસજી આદિ સંતોના માર્ગદર્શન હેઠળ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા યુવતી

મંડળ સાથે મહિલા મંડળે ખૂબ જ સેવા કરી મહારાજનો રાજીપો મેળવ્યો હતો. મંડળના વડીલ સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી તથા પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી આદિ સંતોએ સ્વામી વિષેના અનુભવો વર્ણવ્યા હતા. અને શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ ખાસ આ પ્રસંગે લંડન, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા વગેરે દેશોમાંથી પધારેલા દાતાશ્રીઓનો આભાર વ્યક્ત કર્યો હતો અને સ્વામી જેમ શ્રી નરનારાયણદેવને વિષે નિષ્ઠાવાન થઈને ભજન કરતા અને સેવા કરતા તેમ આપણે પણ કરવાની છે. ઉપાસના બાબતની ચોખવટ કરતા સ્વામીના ફોટા સિંહાસનમાં કે પૂજામાં ન રાખવા ભલામણ કરી હતી.

તા. ૩૧ના રોજ ગામની મંડળીવાળા ભક્તોને શર્ટ આપવામાં આવ્યા હતા. અને આ ઉત્સવમાં નાની મોટી જે ભક્તોની સેવા હતી તે પ્રમાણે દરેકને પ્રસન્નતાની પહેરામણી કરવામાં આવી હતી અને તા. ૩૧ના બપોરપછી જેટલા ભક્તો સભામાં હાજર હતા તેવા ભાઈઓ-બહેનોને તુલસીની કંઠી પહેરાવવામાં આવી હતી.

ઉત્સવમાં આવેલા ભક્તો ધન્ય થઈ તા. ૧-૬ના રોજ કથા સમાપન કરી રાજી થતા વિદાય લીધી હતી.

અહેવાલ :- પ્રાણલાલભાઈ ગોર

## ભુજ મંદિરના ૭ મંડળના સંતોની એક વર્ષ માટે સેવાની વરણી

- આપણા ભુજ મંદિરની પરંપરાનુસાર પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ આપણા કચ્છ સત્સંગના સંચાલન માટે અલગ-અલગ સંતમંડળને સંચાલન વ્યવસ્થા સોંપવા મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગતની અધ્યક્ષતામાં સંતોની જનરલ મીટીંગમાં નીચે મુજબના મંડળધારી સંતોને કચ્છ સત્સંગની સંભાળ માટે અલગ-અલગ સેવા સોંપવામાં આવી છે. તે નીચે મુજબના સંતો સંભાળે છે.

**ભુજ : સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીના મંડળ :** શ્રી નરનારાયણાદિદેવોની સેવા-પૂજા કરવી.

- આફ્રિકા ખંડમાં રહેતા ભક્તોને સત્સંગનો સાભ આપવા માટે આફ્રિકા દેશમાં સત્સંગ વિચરણ.
- શ્રી સહજાનંદ ગુરુકુળ-માનકુવાનું સંચાલન કરવું. સંચાલક શા.સ્વામી ગોલોકવિહારીદાસજી

**માંડવી : અ.નિ.સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીના મંડળને :** માંડવી શ્રી વૃંદાવનવિહારી, શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી ઘનશ્યામ મહારાજની સેવા-પૂજા કરવી. કોઠારી સ્વામી શ્રીપ્રકાશદાસજી.

- ઓસ્ટ્રેલિયા ખંડમાં રહેતા ભક્તોની સંભાળ માટે સત્સંગ વિચરણ.
- શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ-રાપર(વાગડ)નું સંચાલન કરવું. સંચાલક શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી

**અંજાર : સ.ગુ. સ્વામી ધર્મપ્રસાદદાસજીના મંડળને :** અંજાર શ્રી ઘનશ્યામ મહારાજની સેવા-પૂજા કરવી. કોઠારી સ્વામી શ્રીજીનંદનદાસજી.

- ગાંધીધામ, સિનુગ્રા, કુંભારીયા, નિંગાળ આદિ ગામોમાં કથા-વાર્તા, ઉત્સવો પારાયણો ઉજવવી.
- લંડન હેરો મંદિરના શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે યુ.કે.ના પ્રવાસે સત્સંગ વિચરણ.
- શ્રીહરિ તપોવન ગુરુકુળ ગંગાજી-રામપરનું સંચાલન કરવું.

સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી

**સુખપર દેશ : સ.ગુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજીના મંડળને :** સુખપર દેશમાં આવતા ગામડાઓ - સુખપર, નરનારાયણનગર, મદનપુર, બળદીયા ઉ.વા., બળદીયા ની.વા. કુંદનપુર, કેરા, કોડકી, ભક્તિનગર, માનકુવા, ફોટડી, મુન્દ્રા, ગેલડા, આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો ઉત્સવો ઉજવવા.

- શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ-ગાંધીધામનું સંચાલન કરવું.

પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજી

**રામપર દેશ : સ.ગુ. સ્વામી ભગવતજીવનદાસજીના મંડળને :** રામપર દેશમાં આવતા ગામડાંઓ - મિરજાપર, સુરજપર, નારાણપર ઉ.વા., નારાણપર ની.વા., મેઘપર, ગોડપર, દહીંસરા, સરલી, રામપર ન.વા., રામપર જુ.વા., સામત્રા, વેકરા, વાડાસર આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો, ઉત્સવો ઉજવવા.

- શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ-માંડવીનું સંચાલન કરવું.

સંચાલક શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજી

- શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન-વિલેપાર્લા-મુંબઈનું સંચાલન કરવું.

સંચાલક શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી

**અબડાસા દેશ : સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજીના મંડળને :** અબડાસા દેશમાં આવતા ગામડાંઓ - રવાપર, આમારા, ઘડાણી, નેત્રા, રસલીયા, દયાપર, દોલતપર, અંગીયા સાથે ભારાસર, સુખપર-રોહા આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો ઉત્સવો ઉજવવા.

- વિલ્સડન લંડન આદિ મંદિરોના પાટોત્સવ ઉજવવા. યુ.કે.માં સત્સંગ વિચરણ.
- ભુજ પ્રસાદી મંદિરનું સંચાલન કરવું.

કોઠારી શાસ્ત્રી સ્વામી સુખદેવસ્વરૂપદાસજી

**વાગડ દેશ : સ.ગુ. સ્વામી ધર્મવલ્લભદાસજીના મંડળને :** વાગડ દેશમાં આવતા ગામડાંઓ - માધાપર, હરિપર, હીરાપર, ધાણેટી, દૂધઈ, ઈન્દ્રપ્રસ્થ, ધમડકા, ભચાઉ, નવાગામ, ખારોઈ, મનફરા, ચોબારી, આધોઈ, સરદારનગર, ચીરઈ, નવી ચીરઈ, ભીમાસર, રાપર, રત્નેશ્વર, ઉમીયા, નવાપરા, સેલારી, કલ્યાણપર, કંથકોટ, પદમપર આદિ ગામોમાં કથા-વાર્તા, ઉત્સવો, પારાયણો ઉજવવી.

- ભારતદેશમાં જ્યાં જ્યાં કચ્છના સત્સંગીઓ વસે છે ત્યાં સત્સંગ વિચરણ.
- શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ નારાણપરનું સંચાલન કરવું. પુરાણી સ્વામી ધર્મચરણદાસજી

**ઈ.સ. ૨૦૧૪ તા. ૧૪-૬ શનિવાર ભુજ મંદિરની સ્થાનિક વિવિધ સેવામાં નવનિર્વાચિત સંતો :**

મુખ્ય કોઠારી સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, ઉપકોઠારી સ્વામી ધર્મજીવનદાસજી, સ્વામી રઘુવીરચરણદાસજી, સ્વામી ધર્મપ્રિયદાસજી.

ભોજનાલય : સ્વામી નીલકંઠચરણદાસજી, ભંડારી : સ્વામી ઘનશ્યામસેવકદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી, સ્વામી ત્યાગવલ્લભદાસજી

**છાશ-પાકશાળા :** સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી નંદકિશોરદાસજી, સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી નીલકંઠચરણદાસજી, સ્વામી ઉત્તમચરણદાસજી.

**ઈલેક્ટ્રીક :** સ્વામી નીલકંઠસ્વરૂપદાસજી,

**પાણી વ્યવસ્થા :** સ્વામી શ્રીવલ્લભદાસજી

**વાડીવિસ્તાર :** સ્વામી જગજીવનદાસજી, સ્વામી

સિધ્ધેશ્વરદાસજી, સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી

**ફુલની સેવા :** સ્વામી વાસુદેવપ્રસાદદાસજી

**પૂજારી મંડળ :** હિંડોળાની સેવા :- સ્વામી ધર્મપ્રિયદાસજી, સ્વામી અક્ષરસ્વરૂપદાસજી, સ્વામી શ્રીરંગદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી પુરુષોત્તમચરણદાસજી, સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી, સ્વામી ઘનશ્યામપ્રિયદાસજી, સ્વામી શ્રીજીપ્રકાશદાસજી, સ્વામી ઉત્તમચરણદાસજી, સ્વામી નરનારાયણસ્વરૂપદાસજી, સ્વામી માધવપ્રિયદાસજી, સ્વામી ત્યાગવલ્લભદાસજી, સ્વામી વિજ્ઞાનદાસજી.

**રાહત સમિતિ :** સ્વામી ભક્તિચરણદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી અક્ષરપ્રિયદાસજી

## જેઠ સુદ ૧૧ એકાદશીના બધા દેવોની શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ

- પ.ભ. નિશાબેન માવજી રાબડીયા - માંડવી
- પ.ભ. મનજીભાઈ વેલજી કરસન વેકરીયા તથા સામબાઈ માવજી રાબડીયા - માંડવી
- પ.ભ. સ્વ. તારાબેન ઘનશ્યામભાઈ ઠક્કર, સ્વ. ગંગાબેન મૂળજી ઠક્કર, સ્વ. મૂળજી ચાંપશી જોબનપુત્રાના સ્મરણાર્થે નરેશભાઈ ઘનશ્યામભાઈ ઠક્કર તથા બીપીનભાઈ મૂળજીભાઈ જોબનપુત્રા - ભુજ
- પ.ભ. કેતનભાઈ રતિલાલ ઠક્કર પરિવાર હ. રસીકભાઈ સલાટ - ભુજ
- પ.ભ. ઘનશ્યામભાઈ પોકલેન્ડ કન્સ્ટ્રકશન - નૈરોબી
- પ.ભ. તૃષ્ટિ, તુલસી દિપક વેકરીયા - મિરજાપર
- પ.ભ. પરબતભાઈ સામજી પિંડોરીયા સહપરિવાર
- પ.ભ. રવજીભાઈ વેલજી હિરાણી - હરિપર
- પ.ભ. લાલજીભાઈ કાનજી વેકરીયા હ. નિલેશભાઈ
- પ.ભ. પ્રેમીલાબેન ધનસુખ કેરાઈ - સુખપર
- પ.ભ. મનજીભાઈ રવજી વરસાણી - ભારાસર
- પ.ભ. શીવજીભાઈ મેઘજી હાલાઈ હ. પ્રેમજી દેવશી - સૂરજપર
- પ.ભ. શ્રીહરિ એન્ટરપ્રાઈઝ - મીરજાપર
- પ.ભ. મહેશભાઈ દેવજી વેકરીયા ધ.પ. કસ્તુરબેન હ. પ્રેમજીભાઈ - સીડની
- પ.ભ. કાંતાબેન કલ્યાણ આશાણી, કલ્યાણ મૂળજી આશાણી રતનબેન મૂળજી આશાણી - રામપર-વેકરા હાલે મોમ્બાસા
- પ.ભ. અ.નિ. અરજણ ખોડા વેકરીયા તથા હ. રવજી અરજણ અને અમરબાઈ અરજણ - નારણપર
- પ.ભ. રાજભાઈ જયેશ હિરાણી હ. પરબતભાઈ - કોડકી
- સાં.યો. રતનબાઈ ભીમજી - ભુજ
- પ.ભ. ઈલાબેન અરવિંદભાઈ પુત્ર નિહાલ - ભુજ
- પ.ભ. અમરબાઈ દેવજી રાબડીયા હ. પ્રેમજી દેવજી - રામપર
- પ.ભ. હેમાંશીબેન ભીમજી ગોરસીયા હ. વિશ્રામ પરબત ભુવા - સુખપર
- પ.ભ. પ્રેમીલાબેન નારણ ભુડીયા હ. હરીશ કલ્યાણ - નારણપર હાલે લંડન
- સાં.યો. મંજુલાબેન વિશ્રામ - કેરા
- પ.ભ. રામબાઈ દેવશી પાંચાણી - કેરા
- પ.ભ. મેહુલભાઈ ધનજી પિંડોરીયા - મીરજાપર
- પ.ભ. રામબાઈ રતના હાલાઈ હ. મનજી - કોડકી
- પ.ભ. નારણભાઈ ભીમજી પિંડોરીયા - ભુજ હાલે

લંડન
- પ.ભ. રતનાભાઈ વેકરીયા ધ.પ. ધનબાઈ - બળદીયા
- પ.ભ. કોમલબેન દિપક વેકરીયા - મીરજાપર
- પ.ભ. મીરાબેન ઉમંગ પટેલ - સુરત
- પ.ભ. પ્રિયાબેન પ્રતિક પટેલ - માનકુવા
- પ.ભ. જશુબેન મનજી રાબડીયા - વાડાસર
- પ.ભ. માનબાઈ શીવજી હિરાણી હ. શીવજી ગાંગજી હિરાણી - મદનપુર
- પ.ભ. કુંવરજીભાઈ વેલજી હાલાઈ - મીરજાપર
- પ.ભ. કિશોરભાઈ રવજી હિરાણી - માનકુવા
- પ.ભ. વનિતાબેન ગોવિંદ કાબરીયા - ગોડપર
- પ.ભ. રતનબેન મૂળજી આશાણી - રામપર વેકરા હાલે મોમ્બાસા કેન્યા
- પ.ભ. કાનજીભાઈ વિશ્રામ પટેલ - સુખપર
- પ.ભ. રતનબેન મૂળજી આશાણી - રામપર વેકરા હાલે મોમ્બાસા કેન્યા
- પ.ભ. કિશોરભાઈ વિશ્રામ રાબડીયા - સરલી
- પ.ભ. વાલજીભાઈ કરસન રાબડીયા - સુખપર
- પ.ભ. શિલ્પાબેન રામજી હ. કાનજી નાનજી કારા - રામપર હાલે નૈરોબી

**શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર યજમાનશ્રીઓ**

- પ.ભ. મુરજીભાઈ કુંવરજી હાલાઈ - કેરા
- પ.ભ. ચંપાબેન નારણભાઈ પટેલ પરિવાર - અમદાવાદ
- પ.ભ. જાદવાભાઈ કેશરા વેકરીયા હ. વાઘજી વાલજી વેકરીયા - સુખપર
- પ.ભ. મનજીભાઈ વાલજી રૂપાલીયા - મદનપુર

## અમદાવાદ ઉત્તર દેશ શ્રી નરનારાયણદેવના આચાર્યશ્રીની જીવનયાદી

| આચાર્યશ્રીનું નામ | જન્મ સંવત | ગાદીઅભિષેક | અક્ષરવાસ | પુરી ઉંમર |
|---|---|---|---|---|
| -પ.પૂ. ધ.ધૂ. આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ | સં. ૧૮૬૫ જેઠ સુદ ૧૧ | સં. ૧૮૮૨ કારતક સુદ ૧૧ | સં. ૧૯૨૪ ફાગણ સુદ ૭ | વર્ષ ૬૦ |
| -પ.પૂ. ધ.ધૂ. આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજ | સં. ૧૮૯૧ ચૈત્ર વદ ૪ | સં.૧૯૨૪ ફાગણ સુદ ૭ | સં. ૧૯૪૬ ચૈત્ર વદ ૪ | વર્ષ ૫૬ |
| - પ.પૂ. ધ.ધૂ. આચાર્યશ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ | સં. ૧૯૨૬ માગશર વદ ૨ | સં. ૧૯૪૬ ચૈત્ર વદ ૪ | સં. ૧૯૫૮ કારતક વદ | વર્ષ ૩૨ |
| - પ.પૂ. ધ.ધૂ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ | સં. ૧૯૫૫ અષાઢ સુદ ૯ | સં. ૧૯૫૮ કારતક વદ | સં. ૧૯૯૩ કારતક વદ ૧ | વર્ષ ૪૯ |
| - પ.પૂ. ધ.ધૂ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજ | સં. ૧૯૭૮ આસો સુદ ૧૪ | સં. ૧૯૯૩ કારતક વદ ૨ | સં. ૨૦૨૫ આસો સુદ ૧ | વર્ષ ૪૮ |
| - પ.પૂ. ધ.ધૂ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ | સં. ૨૦૦૦ ચૈત્ર વદ ૩ | સં. ૨૦૨૫ આસો સુદ ૨ | આચાર્યશ્રી મોટા વિદ્યમાન છે | - |
| - પ.પૂ. ધ.ધૂ. આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ | સં. ૨૦૨૮ આસો સુદ ૧૦ | સં. ૨૦૬૦ આસો સુદ ૨ | વર્તમાન આચાર્યશ્રી વિદ્યમાન છે | - |

- સ્વામી નિર્ભયસ્વરૂપદાસજી

# સત્સંગ સમાચાર

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય સુવર્ણ જયંતિ મહોત્સવ

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજના સુવર્ણ જયંતિ મહોત્સવ-૨૦૧૪ના વિશેષ લેખમાળાના આ મણકામાં શાળાના શૈક્ષણિક અભ્યાસ ઉપરાંત વિદ્યાર્થીઓમાં સંસ્કાર સિંચન, વ્યક્તિત્વ વિકાસ થાય તે અર્થે શાળામાં કરવામાં આવતી વિવિધ પ્રવૃતિઓનો ઓછો ખ્યાલ મેળવીશું.

શાળામાં યોજવામાં આવતી વિવિધ પ્રવૃતિઓ પૈકી કેટલીક મુખ્ય પ્રવૃતિઓ નીચે મુજબ છે.

૧) એન.એસ.એસ. (રાષ્ટ્રીય સેવા યોજના) પ્રવૃતિ :-

"રાષ્ટ્રીય સેવા યોજના"એ દેશના યુવક યુવતિઓને રચનાત્મક, ક્રિયાત્મક તથા વિધાયક માર્ગે વાળવાની યોજના છે. આ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓમાં સેવા, સ્વાવલંબન, જવાબદારી, નેતૃત્વ જેવા ગુણોનો વિકાસ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓમાં સામાજિક અને રાષ્ટ્રીય જવાબદારીની ભાવના જાગૃત કરવામાં આવે છે. આ પ્રવૃતિ આપણી શાળામાં ઉચ્ચ માધ્યમિક વિભાગમાં ૧૯૯૨થી શરૂ કરવામાં આવી છે. આ પ્રવૃતિમાં જોડાનાર વિદ્યાર્થીઓ "સ્વયંસ્વકો" કહેવાય છે. દર વર્ષે ૧૦૦ સ્વયંસેવકોનું રજીસ્ટ્રેશન કરવામાં આવે છે. બે વર્ષના સમયગાળા દરમ્યાન નિયમિત સેવા પ્રવૃતિઓ તથા અઠવાડિયાની એક ખાસ શિબિર વર્ષ દરમ્યાન યોજવામાં આવે છે. બંને વર્ષમાં મળીને કુલ ૨૪૦ કલાકની સેવા પ્રવૃતિ કરનાર સ્વયંસેવકોને ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય અને ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવે છે. આપણી શાળાના એન.એસ.એસ. યુનિટ દ્વારા છેલ્લા ૨૨ વર્ષો દરમ્યાન કચ્છના ઘણાં ગામડાંઓમાં જઈ સ્વચ્છતા, પર્યાવરણ જાળવણી, નિરક્ષરતા નાબુદી, વ્યસન મુક્તિ, મતદાતા જાગૃતિ અભિયાન જેવી અનેક વિશિષ્ટ પ્રવૃતિઓ દ્વારા નામના મેળવી છે.

૨) ગ્રીન ગોલ્ડ ઈકોક્લબ :-

પર્યાવરણની સમતુલાનો પ્રશ્ન આજે સમગ્ર વિશ્વને સતાવી રહ્યો છે. વધી રહેલા પ્રદુષણ અને જંગલોનો વિનાશ થતાં સર્જાયેલી સમસ્યાએ વિશ્વની ચિંતાઓ વધારી દીધી છે. ત્યારે આ પ્રશ્ને ભારત સરકારે ચિંતિત થઈ જાન્યુઆરી-૨૦૦૧માં તમામ રાજ્યોના પર્યાવરણ મંત્રીઓની એક બેઠક બોલાવી અને તાત્કાલીક ધોરણે આ વૈધિક સમસ્યાના ઉકેલ માટેની ચર્ચા હાથ ધરી. જેના ભાગરૂપે પર્યાવરણની સમતુલા જાળવવા અને લોકોને પર્યાવરણ બાબતે જાગૃત કરવા નેશનલ ગ્રીન કોર્પ્સની યોજનાનો અમલ કરવાનું કરાવવામાં આવ્યું. આ યોજના અંતર્ગત દરેક જિલ્લામાં પસંદગીની ૧૦૦ શાળાઓમાં ઈકો ક્લબની સ્થાપના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. જેનું સંચાલન ગુજરાત રાજ્યમાં વનવિભાગ અને ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે. યોજનાની શરૂઆતથી જ આપણી શાળાની પસંદગી થઈ અને શાળામાં ગ્રીન ગોલ્ડ ઈકો ક્લબની સ્થાપના

કરવામાં આવી છે. આ પ્રવૃત્તિ અંતર્ગત આપણી શાળાના વિદ્યાર્થીઓની વિશિષ્ટ કામગીરીની જિલ્લા તથા રાજ્ય કક્ષાએ નોંધ લેવાઈ છે. ગીર ફાઉન્ડેશન દ્વારા આયોજિત તાલુકા-જિલ્લા અને રાજ્ય કક્ષાના પર્યાવરણ જાગૃતિ અંતર્ગત યોજાયેલ ક્વિઝ સ્પર્ધામાં આપણી શાળાના વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાએ દ્વિતિય નંબર મેળવેલ છે.

૩) સ્કાઉટ-ગાઈડ પ્રવૃત્તિ :-

સ્કાઉટ-ગાઈડ પ્રવૃત્તિએ એક આંતર-રાષ્ટ્રીય સીરે થતી પ્રવૃતિ છે. સ્કાઉટ-ગાઈડ પ્રવૃત્તિનું વડું મથક જીનીવા ખાતે રાખવામાં આવ્યું છે. ૧૫૦ જેટલા દેશોમાં આ પ્રવૃતિ હેઠળ એક કરોડ ત્રીસ લાખ જેટલા સ્કાઉટીંગ અને ગાઈડની સંખ્યા છે.

આપણી શાળામાં પણ આ પ્રવૃતિ દ્વારા માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે આ પ્રવૃતિ હેઠળ વિદ્યાર્થીઓ કુદરતી આપદાઓ, આકસ્મિક ઊભી થતી વિકટ પરિસ્થિતિ તેમજ યુધ્ધ જેવી પરિસ્થિતિનો કેવી રીતે સામનો કરવો, પ્રતિકાર કરવો, લોકોના જાનમાલની સલામતી તેમજ લોકોની સુખાકારી માટેની વિશિષ્ટ તાલીમ મેળવે છે. સ્કાઉટની પ્રવૃતિએ નિયમિત તાલીમની પ્રવૃતિ હોઈ, દર શનિવારે શાળા છૂટ્યા બેદ સ્કાઉટમાં જોડાયેલા રોશન કરે છે. શાળા દ્વારા આવી અનેક બ્રાહ્ય પરીક્ષાઓનું આયોજન કરવામાં આવે છે જે પૈકી કેટલીક મુખ્ય બ્રાહ્ય પરીક્ષાઓ નીચે મુજબ છે.

૧. પ્રખરતા શોધ કસોટી :- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાતી ધોરણ ૯ના વિદ્યાર્થીઓ માટેની આ પરીક્ષાનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર રાજ્યમાંથી તેજસ્વી વિદ્યાર્થીઓની શોધ કરી તેમને પ્રોત્સાહિત કરવાનો છે. આ કસોટી દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓની પ્રખર બુદ્ધિમત્તા તથા જ્ઞાન-માહિતિવી ચકાસણી કરી તેઓને પૂર્ણ વિકાસ તરફ દોરી જવાનો આશય રહેલો છે. ગણિત, વિજ્ઞાન, ગુજરાતી, અંગ્રેજી તથા સામાન્યજ્ઞાન વિષયોની પરીક્ષા યોજાય છે. આ પરીક્ષામાં જિલ્લા તથા રાજ્ય કક્ષાએ સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને ઈનામો તથા પ્રમાણપત્ર આપવામાં આવે છે.

૨.બૃહ્દ ગુજરાત સંસ્કૃત પરિષદ દ્વારા લેવાતી સંસ્કૃત પરીક્ષાઓ :- શાળાના વિદ્યાર્થીઓમાં દેવભાષા સંસ્કૃત પ્રત્યે ગૌરવની લાગણી થાય તથા તેનું મહત્ત્વ જળવાઈ રહે તે હેતુસર શ્રી બૃહ્દ ગુજરાત સંસ્કૃત પરિષદ, અમદાવાદ દ્વારા યોજાતી સંસ્કૃત પ્રારંભ, પ્રવેશ, પ્રથમા, મધ્યમા, ભુષણ, વિશારદ વગેરે જેવી પરીક્ષાઓ શાળામાં યોજાય છે. છેલ્લા ૧૨ વર્ષથી શાળામાં યોજાતી પ્રારંભ, પ્રવશ, પ્રથમા અને મધ્યમાં શાળામાંથી બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભાગ લે છે અને તેનું ૧૦૦ ટકા પરિણામ આવે છે.

૩.ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા :- ગાયત્રી તીર્થ શાંતિકૂંજ-હરિદ્વારા દ્વારા દર વર્ષે સમગ્ર ભારતમાં ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનું આયોજન થાય છે. વિદ્યાર્થીઓમાં જ્ઞાનની સાથે સાથે સંસ્કારોનું સિંચન, ચારિત્ર્યનું નિર્માણ તથા આપણી ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓ પ્રત્યે ભાવ પેદા થાય તે હેતુસર આ પરીક્ષા યોજાય છે. આપણી શાળાના ૨૫૦થી ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ દર વર્ષે આ પરીક્ષામાં બેસે છે. એટલું જ નહિં શાળાના વિદ્યાર્થીઓ તાલુકા-જિલ્લા કક્ષાએ નંબર મેળવી શાળાનું નામ રોશન કરે છે.

ક્રમશ....

અહેવાલ :- આચાર્યશ્રી મગનભાઈ સુથાર

## ભચાઉ(નવાગામ) મધ્યે વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

તા. ૧-૬-૨૦૧૪ થી તા. ૩-૬-૨૦૧૪ના રોજ ભચાઉ નવાગામ મધ્યે પાટોત્સવ અંતર્ગત પરચા પ્રકરણની ત્રિ-દિનાત્મક કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વામી વેદાંતસ્વરૂપદાસજી અને સ્વામી ભક્તિપ્રકાશદાસજીએ પોતાની સુમધુર શૈલીમાં સુંદર દૃષ્ટાંતોની સાથે કથાનું રસપાન કરાવ્યું હતું. કથાના અંતિમ દિવસે સવારે ઠાકોરજીનો ષોડષોડપચારે પંચદ્રવ્યથી મહાભિષેક કરવામાં આવ્યો હતો. મુંબઈથી બહોળી સંખ્યામાં હરિભક્તો આવીને ઉત્સવનો અલભ્ય લાભ લીધો હતો. અભિષેક બાદ ઠાકોરજીની આગળ છપ્પન ભોગનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. સૌ સાથે મળીને ભગવાનની આરતી ઉતારી હતી. કથાના બીજા દિવસે પુ. સ્વામી બદ્રીશ્વરદાસજી સુંદર પ્રવચન સાથે તમામ યજમાનોને આશીર્વાદ આપ્યા હતા. સંગીતકાર સંતોમાં પુ. સ્વામી ભજનપ્રકાશદાસજી તથા કપીલમુનિદાસજીએ સારો ઓપ આપીને કથાને રસપ્રદ બનાવી હતી. કથામાં પૂ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી કૃષ્ણપ્રિયદાસજી આદિ સંતોએ પધારી આશીર્વાદ સાથે રાજીપો વ્યક્ત કરી તમામ હરિભક્તોને રાજી કર્યા હતા. અને શોભામાં અભિવૃધ્ધિ કરી હતી. સમગ્ર પાટોત્સવના યજમાનપદે કોરઈબેન પુંજાભાઈ જીવાભાઈ નીસર અને ગામના તમામ હરિભક્તોની સહાયથી આ ઉત્સવ ઉજવાયો હતો. સમગ્ર મહોત્સવનું સંચાલન પુ. સ્વામી પરમહંસદાસજીએ સંભાળ્યું હતું.

અહેવાલ :- સ્વામી પૂર્ણપ્રકાશદાસજી

## શ્રી હનુમાનજી નૂતન મંદિર નિર્માણ ખાતમુહૂર્ત- હરિપર

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતાર્થે તેમજ પ.પૂ. સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી હરિપર મધ્યે શ્રી કષ્ટભંજન હનુમાનજી મહારાજના નૂતન મંદિરનું ખાતમુહૂર્ત શુક્રવાર તા. ૧૩-૫-૧૪ના રોજ ભુજ મંદિરથી પધારેલ વડીલ સંતો પ.પૂ. સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી તથા સ્વામી કેશવપ્રસાદદાસજી, સ.ગુ. પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી તથા સ્વામી પરમહંસદાસજી તથા સ્વામી કેશવજીવનદાસજી આદિ સંતોની હાજરીમાં ભુજ મંદિરના ગોર ગુલાબ મહારાજે શાસ્ત્રોક્તવિધિ પૂર્વક શિલાન્યાસ કરાવેલ ત્યારબાદ મંદિરના બાંધકામના ખર્ચ માટે સંતોની હાજરીમાં જ હરિપર ગામના તેમજ બીજા ગામના અને વિદેશના હરિભક્તોએ સારી સેવા મંડાવી સંતોનો રાજીપો મેળવેલ હતો. ત્યારબાદ આવેલા સર્વે હરિભક્તોએ મહાપ્રસાદ લઈ આ કાર્યક્રમની સમાપ્તિ કરેલ હતી.

સરદાર પટેલ નગર ભુજ - રસ ઉત્સવ :-

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતાર્થે અને પ.પૂ. સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તેમજ સર્વે સંતોના આશીર્વાદથી અહીં મંદિરમાં સોમવાર તા. ૯-૬-૨૦૧૪ના રોજે સાંજે રસ(કેરી) ઉત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયેલ તેમાં બહેનો ભક્તોએ ખૂબ ખંતથી કેરીનો રસ અને પુરી બનાવીને ઠાકોરજીને ધરાવી સર્વે ભક્તો સમૂહ પ્રસાદ લીધો હતો.

અહેવાલ :- લાલજી વાલજી હિરાણી

# ભારત યાત્રા દર્શન - કોડકી સંઘ

ભુજ મંદિરના મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી સમગ્ર તીર્થના દર્શન કરવા માટે કોડકીના સાંખ્યયોગી બહેનોની સાથે પચાસ ભાઈ-બહેનોએ તા. ૧૩-૩-૧૪ના યાત્રાનો પ્રારંભ કર્યો. શરૂઆતમાં ભુજ શ્રી નરનારાયણદેવના દર્શન કરીને ગુજરાતમાં આવેલ અમદાવાદ, વડતાલ, જૂનાગઢ, ગઢડા, ધોલેરા તેમજ શ્રીજી પ્રસાદીના સ્થળોના દર્શન કરી દક્ષિણ ભારતમાં રામેશ્વર, તિરૂપતિ બાલાજી, જગન્નનાથપુરી તેમજ અન્ય તીર્થ સ્થળોના દર્શન કરી ઉત્તર ભારતમાં છપૈયા, મથુરા, ગોકુળ, અયોધ્યા તેમજ નેપાળમાં આવેલ પુલહાશ્રમ મુક્તિનાથ વિગેરે નાના મોટા સર્વે તીર્થના દર્શન કરી ઉતરાખંડમાં હરિદ્વાર, કેદારનાથ, બદ્રિનારાયણ, યમનોત્રી, ગંગોત્રી વગેરે પ્રસાદી સ્થળોના દર્શન કરી અંતમાં કચ્છમાં નારાયણ સરોવર, કોટેશ્વર તેમજ કચ્છ ચોવીસીના પ્રસાદીના સ્થોળોના દર્શન કરી તા. ૭-૬-૧૪ના યાત્રા કરી પરત ફર્યા હતા. ગામના સર્વે હરિભક્તો વાજતે-ગાજતે યાત્રાસંઘને કોડકી પ્રવેશદ્વારથી મંદિરમાં લાવ્યા હતા. અને ત્યાં સંતોની સાથે રાસોત્સવ રમ્યા હતા. ત્યારપછી સ.ગુ. પુ. સ્વામી શ્રીહરિદાસજી, સ્વામી મહાપુરુષદાસજી, સ્વામી રામસ્વરૂપદાસજી, સ્વામી હરિબળદાસજી, શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી તથા નાના મોટા ૨૦ સંતો પધારી દર્શન તથા આશીર્વચનનો લાભ આપ્યો હતો. પછી ઠાકોરજીની આરતી કરી મહાપ્રસાદ લઈ યાત્રાની સંપૂર્ણપણે પૂર્ણાહુતિ કરી હતી.

અહેવાલ :- નારણ હરજી હાલાઈ - કોડકી

# કચ્છમાં લખપત તાલુકામાં પશુઓના વહારે ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર

ગયા વર્ષે લખપત તાલુકામાં ઓછો વરસાદ થવાથી દુષ્કાળ જેવી પરિસ્થતિ સર્જાયેલ. આથી સરકારશ્રી તરફથી દુષ્કાળ ગ્રસ્ત વિસ્તાર જાહેર કરવામાં આવતાં ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દિ ગૌસેવા રાહત સમિતિ દ્વારા જ્યાં સરકારના ઘાસડેપો કે નીરણ કેન્દ્ર ન હોય તેવા ૨૦ જેટલા ગામોમાં જ્યાં સુધી વરસાદ નહીં પડે ત્યાં સુધી તાલુકાના ગામોમાં રાહતદરે ઘાસ વિતરણ કરવામાં આવી રહ્યું છે.

આ અંગે યોજાયેલ કાર્યક્રમમાં સ્વામી ભક્તિચરણદાસજી તથા સ્વામી ધર્મસ્વરૂપદાસજીએ જણાવ્યું હતું કે ભગવાન શ્રી સ્વામિનારાયણના ''સર્વજીવ હિતાવહ''ના સંદેશને લઈને કોઠારી પાર્ષદ જાદવજી ભગતના માર્ગદર્શન હેઠળ પશુધનને બચાવવા માટે ગામડાઓનું સર્વે કરીને મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી ૨૦ જેટલા ગામોમાં રહતદરે ઘાસચારાનું વિતરણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તેમજ કોઠારી સ્વામી ભગવદજીવનદાસજીએ જણાવ્યું કે દયાપર ખાતે ઊભા કરવામાં આવેલ ઘાસના ગોડાઉનમાંથી જ્યાં સુધી વરસાદ નહીં પડે ત્યાં સુધી ઘાસચારો અપાશે.

શ્રી વિશ્રામભાઈ ગોરસીયાએ જણાવ્યું હતું કે ગતવર્ષે તાલુકાના ૩૮ જેટલા ગામમાં આશરે ૧૫ હજાર જેટલા પશુઓ માટે ભુજ મંદિર દ્વારા ઘાસચારાનું વિતરણ કરાયું હતું.

રાપર તેમજ ભચાઉ વિસ્તારમાં કૈયારી ગામ તેમજ આસપાસના વિસ્તારમાંથી માલધારીઓ હાલે ગૌધન સાથે પડાવ નાખીને બેઠા છે. તે સ્થળે પણ ભુજ મંદિર દ્વારા રાહતદરે ઘાસચારો પુરો પાડવામાં આવી રહ્યો છે.

– તંત્રીશ્રી

# કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-ભુજની રવિસભામાં તરબૂચ ઉત્સવ



તા. ૧૫-૬-૧૪ રવિવારના રોજ શયન આરતી બાદ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ ભુજની રવિસભા પૂર્ણ થયા બાદ મંદિરનાં પટાંગણમાં તરબૂચ ઉત્સવ ઉજવાયો હતો. આ ઉત્સવમાં સ.ગુ. સ્વામી મહાપુરષદાસજી, સ્વામી સ્વયંપ્રકાશદાસજી, સ્વામી ભક્તિપ્રિયદાસજી, સ્વામી પરમહંસદાસજી, સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા પાર્ષદ જાદવજી ભગત આદિ સંતોની હાજરીમાં મંદિરનાં પટાંગણમાં પુરુષ હરિભક્તોની પંક્તિમાં સંતોના વરદ્ હસ્તે તરબૂચનો પ્રસાદ આપવામાં આવેલ. કર્મયોગી બહેનોએ પણ સાંખ્યયોગી બહેનોની હાજરીમાં મંદિરનાં પટાંગણમાં આ ઉત્સવનો લ્હાવો લીધો હતો. ઉપસ્થિત હરિભક્તોએ ઠંડા ઠંડા મધુર તરબૂચનો પ્રસાદ લીધો હતો. આ ઉત્સવનું યજમાનપદ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ભુજના સમિતિ સભ્ય તન-મન-ધનથી સેવા આપનાર શ્રી નિલેશભાઈ ધીરજલાલ પટેલ પરિવારે શોભાવ્યું હતું. કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળના કાર્યકરોએ વ્યવસ્થા સંભાળી હતી. અને સ્વામી ધર્મસ્વરૂપદાસજી તથા સ્વામી બળદેવપ્રસાદદાસજી આદિ સંતોએ સબળ માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

અહેવાલ :- રાજેશ ગોર - ભુજ

# કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, ભુજ દ્વારા એક દિવસીય શિબિરનું આયોજન





તા. ૨૨-૬-૨૦૧૪, રવિવારના રોજ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ભુજ દ્વારા એક દિવસીય શિબિરનું આયોજન મુરજીભાઈ શીયાણીની વાડીએ રાખવામાં આવેલ જેમાં ૧૨૫ જેટલા યુવાનો વડીલો તેમજ બાળકોએ સંતોની સાથે આખો દિવસ સત્સંગ, રમત-ગમત તેમજ હરિકૃષ્ણ મહારાજનો અભિષેક કર્યા બાદ સ્વીમિંગ પુલમાં સંતો સાથે સ્નાન કરવાની મજા માણી હતી.

# ગામ માધાપર વાર્ષિક પાટોત્સવ, ત્રિદિવસીય પારાયણ

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમ કૃપા તથા વડીલ સંતોના તથા માવિત્રોના આશીર્વાદથી ગામ માધાપરનાં બંને મંદિરના વાર્ષિક ૧૧૬માં પાટોત્સવ નિમિત્તે ત્રિદિવસીય પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન અ.નિ. પ્રેમજીભાઈ ભીમજી વરસાણીની પુણ્યસ્મૃતિમાં તથા શ્રીજી પ્રસન્નતાર્થે એમના ધ.પ. વાલબાઈ તથા સુપુત્ર ગોવિંદભાઈ, માવજીભાઈ, નારણભાઈ, લાલજીભાઈ આદિ સહપરિવાર તરફથી તા. ૨૮-૫-૧૪ને બુધવારથી તા. ૩૦-૫-૧૪ને શુક્રવાર સુધી બંને

મંદિરમાં કરવામાં આવેલ. આ આયોજનમાં ભુજ મંદિરના સંતોમાં સ્વામી ભગવત્જીવનદાસજીના મંડળના સંતોના વરદ્ હસ્તે તથા ગામના મંદિરના સર્વે હરિભક્તોના સાથ સહકારથી સારી રીતે પૂર્ણ કરવામાં આવેલ.

પંચાહ્ન પારાયણના વક્તાપદે સ્વામી પૂર્ણપ્રકાશદાસજી તથા સ્વામી ભક્તિપ્રકાશદાસજીએ શ્રીહરિલીલામૃત કળશનું સુંદર વિવેચન, ઉદાહરણ સાથે શ્રીહરિના ચરિત્રોની કથાનું અમૃતરસપાન કરાવી યજમાન પરિવાર તથા સર્વે ભક્તોને રાજી કર્યા હતા. આ કથા પ્રસંગે શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી તથા પુરાણી સ્વામી પરમહંસદાસજી તથા પુરાણી સ્વામી બદ્રીશ્વરદાસજી તથા અન્ય નાના સંતોના સાથ સહકારથી સારી રીતે પૂર્ણ કરવામાં આવેલ.

કથાના બીજા દિવસે યજમાનશ્રીના ઘરે સંતોની પધારમણી કરી યજમાન પરિવારે લાભ લીધો હતો. તથા રાત્રે યજમાન પરિવારના સંકલ્પને માન આપી ભવ્ય રાસોત્સવનું આયોજન બંને મંદિરમાં સંતોની હાજરીમાં કીર્તન ઢોલકના સથવારે કરવામાં આવેલ. કથાના ત્રીજા દિવસે પાટોત્સવ નિમિત્તે વેદોક્ત સ્તુતિ સાથે હરિકૃષ્ણ મહારાજનો અભિષેક દર્શનનો સારો લાભ મળેલ ત્યારબાદ બહેનોના મંદિરમાં સંતોના વરદ્ હસ્તે પાટોત્સવની આરતીનું આયોજન સાથે અન્નકૂટ દર્શનનો લાભ મળેલ. ત્યારબાદ છાબનું સમૈયું વાજતે ગાજતે આવ્યા બાદ વડીલ સંતોના આશીર્વાદ સાથે કથાના યજમાન પરિવારને બંને મંદિર તરફથી પહેરામણી કરી ઉત્થાપનવિધિ વક્તાનું તથા પોથી પૂજનબાદ વાર્ષિક પાટોત્સવની આરતીનો ઊંચો આંક આપેલ અ.નિ. મનજી લધા દબાસીયા સહપરિવાર હ. દેવજી ગાંગજી દબાસીયા પરિવારે લાભ લઈ અને કથાના યજમાન પરિવાર કથાની આરતી ઉતારી કીર્તન, ધૂન, સંત પૂજન સાથે ઉત્સવને ધામધૂમથી પૂર્ણ કરવામાં આવેલ.

અહેવાલ :- મંત્રીશ્રી અરજણભાઈ

## હિંડોળા મહોત્સવ

આપણા કચ્છ સત્સંગના મંદિરોમાં પરંપરાગત રીતે દર વર્ષે હિંડોળા મહોત્સવ આનંદ અને ઉત્સાહથી ઉમંગભેર ઉજવાય છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ, માંડવી, અંજાર મધ્યે તા. ૧૪-૭-૧૪ અષાઢ વદ બીજથી હિંડોળા મહોત્સવનો મંગલ પ્રારંભ થશે. દરેક મંદિરોમાં હિંડોળા મહોત્સવ ધામધૂમથી ઉજવાશે. ભુજ મધ્યે વિશેષ હિંડોળા તથા પ્રદર્શનનું ઉદ્‌ઘાટન અષાઢ વદ અગ્યારસ તા. ૨૨-૭-૧૪ના રોજ બપોરપછી ૪:૩૦ કલાકે રાખવામાં આવેલ છે. તેમજ માંડવી મધ્યે ૧૨ હિંડોળા અને ભવ્ય પ્રદર્શનનું ઉદ્‌ઘાટન અષાઢ વદ ૧૧, તા. ૨૨-૭-૧૪ના રોજ સવારે ૮:૦૦ કલાકે ધામધૂમથી કરવામાં આવશે.

## અગત્યની સૂચના

હિંડોળાના દર્શન કરી ધન્યતા અનુભવતા હિંડોળા મહોત્સવ દરમ્યાન સમૂહમાં હરિભક્તો સંઘના સ્વરૂપે ગામે ગામથી દર્શનાર્થે પધારે છે. આવા સંઘોના સંચાલકોને જણાવવાનું કે આપનો સંઘ માંડવી, અંજાર દર્શનાર્થે જવાનો હોય અને તે સ્થળે ભોજન પ્રસાદ લેવાનો હોય તો તેની જાણ અગાઉથી કરે જેથી હરિભક્તોના ભોજનપ્રસાદની વ્યવસ્થા કરવામાં અનુકૂળતા રહે અને હરિભક્તોને સંતોષ આપી શકીએ. જાણ કરતી વખતે સંખ્યા અવશ્ય જણાવવી.

સંપર્ક : માંડવી - મો.:- ૯૮૭૯૫૩૦૮૯૯
ફોન :-(૦૨૮૩૪) ૨૨૨૮૮૮/૨૨૨૯૯૯
અંજાર - મો.:- ૯૮૭૯૫૨૨૪૯૫
ફોન :-(૦૨૮૩૬) ૨૪૩૩૫૧

# વિદેશ સમાચાર



## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર વુલ્વિચ સપ્તાહ પારાયણ

તા. ૧૨-૫-૧૪ સોમવારથી તા. ૧૮-૫-૧૪ રવિવાર સુધી આપણા મંદિરમાં ૭ દિવસની સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવેલ. આ કથાના યજમાન ગામ વેકરાના અ.નિ. દેવજીભાઈ કરસન ભંડેરી હ. તેમના સુપુત્રો શ્રીરામજીભાઈ, શ્રીહરીશભાઈ, શ્રીસુરેશભાઈ ભંડેરી સહપરિવાર રહ્યા હતા. આ શુભ પ્રસંગે 'શ્રી પુરુષોત્તમ ચરિત્ર પુષ્પમાળા' ગ્રંથ સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવેલ.

વક્તાપદે ભુજ મંદિરથી પધારેલા વિદ્વાન સંતો શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ પોતાની સુમધુર વાણીએ કથામૃતનું પાન કરાવેલ. યજમાન પરિવાર તથા તમામ શ્રોતાગણ ખૂબ જ રાજી થયેલ. આ પ્રસંગમાં ભુજ મંદિરના પુ. સ્વામી નિલકંઠચરણદાસજીએ સભાજનોને આશીર્વાદ આપેલા. સાથે સત્સંગમાં પ્રેમભાવથી રહેવું અને મંદિરના કાર્યો સંગઠિત થઈ કરવા ભલામણો કરેલ.

તા. ૧૭-૫-૧૪ શનિવાર સાંજના કથા પ્રસંગબાદ યુવકો તરફથી ભક્તિ સંગીત કીર્તન ભજનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

તા. ૧૮-૫-૧૪ રવિવારના કથા પારાયણની સમાપ્તિ કરવામાં આવેલ ત્યારબાદ યજમાન પરિવારે ઉત્થાપન વિધિ પારાયણની સંપૂર્ણ સમાપ્તિ કરવામાં આવેલ.

નૂતન મંદિર નિર્માણ માટે શ્રી ઠાકોરજીની ઉત્થાપનવિધિ :- તા. ૧૮-૫-૧૪ રવિવારના શુભ મંગલકારી દિવસે પ.પૂ. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજી તથા ભુજ મંદિરના તમામ વડીલ સંતો તથા સંત મંડળ તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા પ.પૂ.ધ.ધૂ. આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજના શુભ આશીર્વાદથી તેમજ સ્થાયી તમામ ધર્મપ્રેમી સત્સંગી ભક્તજનોના સાથ અને સહકારથી આપણા નિજ મંદિરમાંથી શ્રી ઠાકોરજીની ઉત્થાપનવિધિ કરવામાં આવેલ.

સવારના ૧૧ વાગ્યાના સમયે પુ. સ્વામી નિલકંઠચરણદાસજી તથા શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા સંત મંડળની ઉપસ્થિતિમાં પુ.મહંત સ્વામી ધર્મનંદનદાસજી તેમજ વડીલ સંતો તથા પાર્ષદ જાદવજી ભગતની આજ્ઞા મુજબ ઠાકોરજીની મૂર્તિના પહેલાં જે યજમાનશ્રીઓ હતા તેની ઉપસ્થિતિમાં તેમજ પહેલાં ટ્રસ્ટીપદે જે સેવાઓ આપેલી હોય તે તથા અત્યારના ટ્રસ્ટીમંડળ તેમજ ગત વર્ષની કમિટીની સભ્યો તથા અત્યારની કમિટીના સભ્યો તેમજ વડીલ ભક્તજનોની ઉપસ્થિતિમાં ઠાકોરજીની આરતી કરવામાં આવેલ. જેમાં તમામ મંદિરના કાર્યકર્તાઓ તેમજ મૂર્તિઓના યજમાનશ્રીઓ તેમજ સભામાં ઉપસ્થિત તમામ ભક્તજનો ભાઈઓ-બહેનો આરતીમાં જોડાયા હતા.

આરતી સંપન્નબાદ ભગવાનની મૂર્તિઓના જે જે યજમાનશ્રીઓ હતા તેમના હસ્તે વાજતે ગાજતે ઠાકોરજીને આપણા મંદિરના મકાનમાં જે મંદિરની બાજુમાં જ છે ત્યાં વ્યવસ્થાઓ કરવામાં આવેલ છે ત્યાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની જયના નાદ સાથે ઠાકોરજીને પધરાવી ઠાકોરજીની આરતી કરવામાં આવેલ. આમ આ શુભ મંગલકાર્ય પૂ. સંતોના આશીર્વાદ તેમજ પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી નિર્વિઘ્નપણે સંપન્ન થયેલ. ત્યારબાદ તમામ ભક્તજનોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

અહેવાલ :- ધનજીભાઈ - વુલ્વિચ

# શ્રી સ્વામિનારાયણ મંદિર - સ્ટેનમોર

શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટેનમોરને વૈશાખ વદ ૧૨ રવિવાર તા. ૨૫-૫-૧૪નાં રોજ આઠ વર્ષ પુરાં થયા, તે નિમિત્તે સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી શતાનંદમુનિ રચિત શ્રી જનમંગલ નામાવલિની સપ્તાહ પારાયણ ગાવાનું નિર્ધારેલ, જેના વક્તાપદે ભુજ મંદિરથી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી આદિ વિદ્વાન સંતો વ્યાસાસને બિરાજીને કથાનું અમૃતપાન સંગીતના સુરે કરાવેલ. આ સપ્તાહ પારાયણ મહોત્સવની શરૂઆત રવિવાર તા. ૧૮-૫-૧૪ ના સાંજના ૬:૩૦ વાગ્યે પોથીયાત્રાથી કરવામાં આવેલ જેને આપણા મંદિરના પાછળના ચોગનમાંથી હરિભક્તો દ્વારા પૂજન કરી આરતી ઉતારી અને વાજીંત્રો સાથે હરિકૃષ્ણ મહારાજને પાલખીમાં બેસાડીને વાજતે ગાજતે મંદિરમાં લાવી અને વ્યાસપીઠ ઉપર પધરાવામાં આવેલ. કથા પારાયણનો શુભ પ્રારંભ સોમવાર તા. ૧૯-૫-૧૪ના સવારના ૯:૦૦ વાગ્યે કરવામાં આવેલ જેનું બન્ને ભુજ મંદિરની Bhujmandir.org તથા શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટેનમોરની વેબ સાઈટ Swaminarayansatsang.com ઉપર સાતે સાત દિવસ લાઈવ બ્રોડકાસ્ટ કરવામાં આવ્યું હતું. આ ઉત્સવ નિમિત્તે શુક્રવાર અને શનિવાર સાંજના તથા રવિવારના સમાપ્તી બાદ પ્રસાદરૂપી ભોજનની વ્યવસ્થા કરવામાં આવ હતી.

શુક્રવારના ઠાકરથાળીની આરતીના યજમાન ગામ માંડવીના કરીનાબેન રાબડીયા જેમનો ૧૪મો બર્થડે હતો અને ખ્યાતિબેન જેમનો પહેલો બર્થડે હતો તે રહ્યા હતા. ત્યારબાદ સર્વે રાસ રમીને મહાપ્રસાદ લેવા પધાર્યા હતા.

શનિવાર તા. ૨૪-૫-૧૪ના એકાદશી હોવાથી પવિત્ર બ્રહ્મનિષ્ઠ સંતોની હાજરીમાં મહાપૂજા સવારના ૭:૦૦ વાગ્યે રાખવામાં આવેલ જેમાં હરિભક્તો ભાઈઓ તથા બહેનોએ બેસીને મહાપૂજામાં ભાગ લીધેલ.

સાંજના કથા સત્ર બાદ ૬ વાગ્યે રાજોપચાર પૂજનનું આયોજન કરવામાં આવેલ જેના માટે બધા ભક્તો ફૂલો લઈ આવ્યા હતા. સંતો દ્વારા વેદોક્ત મંત્રોથી ગણેશ પૂજન કરી અને બન્ને ભાઈઓ તથા બહેનોના મંદિરમાં રાજોપચારના યજમાન ગામ કેરાના કૃપેશભાઈ જાદવજી હિરાણી તથા બાળ-યુવકમંડળના બાળકોએ સાથે રહીને દર્પણ, વિંજળો, ચામર, શંખનાદ, છડી ગીત, કીર્તન, વાજીંત્ર, નૃત્ય, વચનામૃત વાંચન સ્તોત્ર પાઠ વગેરે અર્પણ કરી રાજોપચાર પૂજન કર્યું હતું. સાથો સાથ અન્ય મંદિરથી આવેલ બધા ભાઈઓ તથા બહેનોએ પણ પૂજનનો લાભ લઈ અને અંતે સંતો દ્વારા પૂજા કરેલ. ફૂલ ઘનશ્યામ મહારાજને અર્પણ કરવામાં આવ્યા હતા. રાજોપચાર નિમિત્તે શ્રી ઘનશ્યામ મહારાજને ગામ સુરજપરના ગં.સ્વ. માનબાઈ વેલજી રામજી મેપાણી તરફથી શ્રી ઘનશ્યામ મહારાજને તથા શ્રી નરનારાયણદેવને સોનાની ચેન તથા ગામ બળદીયાના ગોવિંદભાઈ મેઘજી ગાજપરીયા તરફથી સોનાની બ્રેસલેટ તથા ગામ બળદીયાના નારણભાઈ મેઘજી ગાજપરીયા તરફથી ચેન તથા ગામ સુખપરના દિનેશભાઈ ખેતાણી તરફથી રાડો ઘડીયાલ તથા ગામ કેરાના નારણભાઈ હરજી ગામી તરફથી એક સોનાની ચેન તેમજ રૂપલના લગ્ન નિમિત્તે શાન્તાબેન હિરાણી હ. દર્શનભાઈ તથા રૂપલબેન તરફથી એક પ્લેટેડ મુગટ તથા હારનો સેટની ભેટ ધરી હતી. પૂજાના અંતમાં શ્રી હરિકૃષ્ણ મહારાજને એક ભાઈઓની બીજી બહેનોની એમ બે પાલખીમાં બેસાડી અને વન વિહારની યાત્રા વાજીંત્ર સાથે વાજતે ગાજતે ધૂન, કીર્તન

તથા નાચતા કૂદતા કરવામાં આવી હતી જેનો લાભ અન્ય હાજર રહેલ ભક્તોએ લઈ અને આનંદ માણ્યો હતો. પછી મંદિરમાં પધરાવી અને કથા સમાપ્તિની આરતી ઉતારી છેલ્લે સર્વે પ્રસાદરૂપી ભોજન જમીને છૂટા પડ્યા હતા.

શ્રી ઘનશ્યામ મહારાજ તથા હરિકૃષ્ણ મહારાજનો પંચામૃતથી મહાઅભિષેક રવિવાર તા. ૨૫-૫-૧૪નાં સવારના ૮:૦૦ વાગ્યે ખૂબ જ ઉત્સાહ પૂર્વક કરવામાં આવેલ જેના યજમાન પદે ગામ રામપર વેકરાના શાંતિલાલભાઈ વેલજી તથા ધનુબેન ભંડેરી હ. પરેશભાઈ તથા હરીકાબેને લાભ લીધેલ. ત્યારબાદ વિવિધ અન્નકૂટ થાળ ગોઠવીને શ્રીહરિને જમાડવામાં આવ્યા હતા. સવારના કથા સત્ર બાદ ઠાકોરજીના તથા મંદિરના શિખર ઉપર ધ્વજ રોપણ આગલા દિવસે ચડાવવામાં રહેલ ત્રણ હરિભક્તોએ સંગીતના સથવારે ધામધૂમથી કરેલ. સવારના કથા સત્ર બાદ સવારના ૧૧ વાગ્યાથી ૮:૦૦ લાગ્યા સુધી ફન ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાના બાળકો માટે ઘનશ્યામ કુકરી ક્લાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં નાના બાળકોએ ફરી કેક, ડોનટસ થતા ફનીફેસ પીત્ઝા બનાવી અને આનંદ માણ્યો હતો. સર્વે મોટા હરિભક્તોએ ક્રોસનસ બનાવી, રમત ગમત તથા બારબેક્યુમાં જોડાઈને ૮ વાગ્યા સુધી આનંદ માણ્યો હતો.

રવિવાર તા. ૨૫-૫-૧૪ના સવારના ૧૧:૦૦ વાગ્યે સંતોના આશીર્વાદ લઈ ગામો ગામથી પધારેલ અન્ય મંદિરના ટ્રસ્ટીઓનું સંતો દ્વારા ફૂલહારથી બિરદાવી, યજમાનશ્રીને પહેરામણી આપી હતી. ત્યારબાદ મંદિરના પ્રમુખે આખા વર્ષ દરમિયાન જેજે સેવા કરી હોય તેની આભારવિધિ કરી, પૂજારીને ભેટ આપીને પારાયણની ઉત્થાપન વિધી લરી કથા સમાપ્તિની સાથે મળી આરતી ઉતારી, પ્રસાદ રૂપી ભોજનના યજમાન ગામ સુખપરના પુરબાઈ રવજી વરસાણી સહ પરિવાર તરફથી લેવા પધાર્યા હતા.

અહેવાલ :- ઉ.મંત્રી જાદવજી હીરાણી

## શ્રી સ્વામિનારાયણ મંદિર - મેલ્બોર્ન ૨૪ કલાક અખંડ ધૂન

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણની અનહદ કૃપા અને રાજીપાર્થે અતિભક્તિભાવ પૂર્વક ૨૪ કલાક ભજન પર્વનું રવિવાર તા. ૮-૬-૧૪ સાંજે ૫:૦૦ વાગ્યાથી સોમવાર (નિર્જળા એકાદશી અને જાહેરરજા) તા. ૯-૬-૧૪ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી આયોજન કરવામાં આવ્યું હતું.

આપણું અક્ષરધામરૂપ મંદિર ગૂંજી ઉઠ્યું હતું. ધૂન, કીર્તન, કથા-વાર્તા, જપમાળા, પ્રદક્ષિણા, રાસ, દંડવત્-પ્રણાણ, મંત્રલેખન, જ્ઞાનગોષ્ઠિ વગેરે આયોજનમાં મોટી સંખ્યામાં સર્વ નાના-મોટા ભાઈઓ-બહેનો હરિભક્તોએ લાભ લીધો હતો.

અતિ મહિમા સભર નિર્જળા એકાદશીનો દિવસ મહારાજની આવી આજ્ઞાને હૈયે ધારી બહોળી સંખ્યામાં હરિભક્તોએ અતિ સ્નેહ કરીને પ્રભુનાં સત સ્મરણ અને પ્રગટપણાંનાં ભાવ સાથે ભગવાનની પ્રસન્નતાને અર્થે ભજન-કીર્તનમાં જોડાયા હતા.

ભગવાન, સંતો અને હરિભક્તો સહુને એજ પ્રાર્થના કે અહીં સર્વે હરિભક્તો ઉપર ગણા રાજી થાય અને એકાંતિકપણાંમાં વૃદ્ધિ થાય તેવા આશીર્વાદ સહુ કોઈને મળે એજ અભ્યર્થના.

અહેવાલ :- દિપકભાઈ રાઘવાણી

## શ્રી સ્વામિનારાયણ મંદિર ઓલ્ડહામ ઠાકોરથાળી ઉત્સવ

શનિવાર તા. ૩૧-૫-૨૦૧૪ ગામ નારણપર બાઈઓના મંદિરનો ૨૫મો વાર્ષિક પાટોત્સવ નિમિત્તે ગામ નારણપરના સર્વે હરિભક્તો સાથે મળીને અહીં ઓલ્ડહામ મંદિરમાં ઠાકરથાળી ઉત્સવ રાખેલ હતો.

શનિવાર તા. ૭-૬-૨૦૧૪ના રોજ ગામ કેરાના હરિભક્ત પરેશભાઈ હિતેશ ભુડીયાના પુત્ર ધનેશના જન્મ નિમિત્તે ઠાકરથાળી ઉત્સવ રાખેલ હતો.

**યુવક સભા :** યુવક મંડળના સંતો ઓલ્ડહામ મંદિરમાં રવિવાર તા. ૮-૬-૧૪ થી ૧૫-૬-૧૪ પુ. સ્વામી વિશ્વવલ્લભદાસજી, પુ. સ્વામી ભક્તવત્સલદાસજી, સ્વામી સંતસ્વરૂપદાસજી અને કોઠારી પાર્ષદ ખીમજી ભગત આદિ સંતો પધાર્યા હતા.

શનિવાર. તા. ૧૪-૬-૨૦૧૪ના રોજ સાંજની કથા બાદ ઓલ્ડહામ મંદિરના યુવક મંડળ તરફથી એક મંદિર બહાર યુવક મંડળની સભાની ગોઠવણી કરેલ તે Hollingworth Lake Rochdaleમાં કરેલ હતી. ત્યાં યુવક મંડળને ખૂબ જ મજા આવી હતી. સાથે વડીલો તેમજ બાઈઓ અને યુવતીઓ પણ સામેલ હતી.

અહેવાલ :- નારણભાઈ કારા

## :: અક્ષરવાસ ::

- પ.ભ. શામજીભાઈ રામજી ભાવાણી ઈન્દોરમાં તા. ૨૧-૬-૨૦૧૪ શનિવારના રોજ અક્ષરનિવાસી થયા છે. સામજીભાઈનો જન્મ ઘડુલી તા. લખપતમાં થયેલ. ૧૯૩૭માં જન્મેલ સામજીભાઈ પાછળથી સત્સંગમાં આવ્યા મહારાજની ઓળખ થતાં પાકા ભગવાનના ભક્ત થયા હતા અને તેમના પરિવારને પણ સત્સંગને રંગે રગ્યા. મહારાજ એમના આત્માને પોતાના ચરણનું સુખ આપે એવી પ્રાર્થના.
- વાલબાઈ લાલજી દેવશી ધનજી વેકરીયા તા. ૯-૬-૨૦૧૪ને સોમવાર જેઠ સુદ ભીમ એકાદશીના દિવસે ધામમાં ગયા છે. મહારાજ તેમનાં કુટુંબીજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે અને જીવાત્માને શ્રીજીના ચરણમાં સેવાનો અવસર આપે.
- ગામ રામપરના ધનજીભાઈ નારણ કેરાઈ તા. ૨૩-૬-૨૧૪ના સવારે ૫:૩૦ કલાકે શ્રી હરીનું સ્મરણ કરતા ૧૦૦ વર્ષની ઉંમરે અક્ષરનિવાસી થયા છે.
- ગામ સુખપરના લક્ષ્મણભાઈ જાદવા ગોરસીયા તા. ૨૮-૬-૨૦૧૪ના વ્હેલી સવારે શ્રી હરીનું સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.
- ગામ સુખપરના દેવશીભાઈ જાદવા રૂપાલીયા તા.૨૫-૬-૨૦૧૪ના સવારે ૫:૦૦ કલાકે શ્રી હરીનું સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.

સર્વેને મહારાજ પોતાના ચરણકમળનું સુખ આપે એવી પ્રાર્થના.

## ગુરુપૂર્ણિમા આમંત્રણ

**શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ મધ્યે**
**ગુરુપૂર્ણિમા અંતર્ગત**

### ત્રિરાત્રીય સત્સંગ સભા

**તા. ૧૦ થી ૧૨ જુલાઈ–૨૦૧૪**

**વક્તા :** શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી

**સમય : રાત્રે ૯:૦૦ થી ૧૧:૦૦ કલાક**



# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

## સદ્ગુરુસ્વામી શ્રીઅચ્યુતદાસજી

બાલમિત્રો ! તમે જાણો છો ભુજ મંદિરના આદિ મહંત સદ્ગુરુ સ્વામી શ્રી અચ્યુત દાસજીનાં જીવન ચરિત્ર વિષે ? 'ના! તો આજે એ સાંભળીએ.

ભુજ સ્વામિનારાયણ મંદિરના આદિ મહંત સદ્ગુરુ સ્વામી શ્રી અચ્યુતદાસજીનો જન્મ કચ્છ દેશના અબડાસા વિસ્તારના ધુફી ગામમાં એક ભાનુશાળી કુટુંબમાં થયો હતો.

તેમના માત-પિતા હંમેશા ભગવાનની ભક્તિ કરતાં.અને ખેતીનું કામ કરતાં. તેમને ત્યાં એક પુત્રનો જન્મ થયો. તેમનું નામ મંગળદાસ રાખવામાં આવ્યું. મંગલદાસ વિદ્યાભ્યાસ કરતા, માત-પિતાની આજ્ઞામાં રહેતા, સારા સંસ્કારી બાળક હતા.

એક દિવસ મંગળદાસના માત-પિતાને બહાર ગામ જવાનું થયું. તેમણે દીકરાને કહ્યુ "બેટા અમે બહાર ગામ જઈએ છીએ, તારામાટે ખાવાનું રાખ્યું છે.ભૂખ લાગે ત્યારે જમી લેજે." આમ કહી તેઓ નીકળી ગયા.

મંગળદાસની ઉંમર એ સમયે આઠ વર્ષની હતી. તેઓ ઘર આંગણમાં રમતા હતા. અચાનક બે સંતો ત્યાં પધાર્યા. વ્યાપકાનંદ સ્વામી અને સ્વરુપાનંદ સ્વામી. આ બન્ને સંતોને જોતાં જ તે એમની પાસે પહોંચી ગયા.જય સ્વામિનારાયણ કહી પગે લાગી ને કહ્યું, "પધારો સંતો અમારું ઘર પવિત્ર કરો." બાળકની વિવેક ભરી મધુર વાણીથી સંતો ખુશ થયા.

સંતોએ કહ્યું "અમો બે દિવસથી ભૂખ્યા છીએ કંઈ જમવાનું મળશે?"

બાળકે કહ્યું "હા સ્વામી, અહીં આસન ઉપર બિરાજો હું જમવાનું લઈ આવું." તરત જ રોટલોને કઢી લઈ આવ્યો.

સંતોએ કહ્યુ "મંગળદાસ આટલી વારમાં તું ખાવાનું ક્યાથી લઈ આવ્યો ?"

મંગળદાસે કહ્યું સ્વામી! મારા મા-બાપ બહાર ગામ ગયાં છે અને મારા માટે આ જમવાનું મુકી ગયાં છે.તે તમને આપ્યું છે.મારા માબાપ આવશે ત્યારે હું જમી લઈશ, અત્યારે મને ભૂખ નથી.

સંતોએ કહ્યું, 'ભૂખ કેમ નથી ? અમને જમાડવા છે એટલે ?'

મંગળદાસ કંઈ બોલ્યા નહિ. સંતો સામે જોતા રહ્યા. સંતો સમજી ગયા. કે પોતે રાજી ખુશીથી ભૂખ્યો રહીને અમને જમાડે છે.

બાળકનો પ્રેમ જોઈ સંતો ભગવાનને જમાડીને પછા પ્રેમથી જમ્યા. જમી લીધા પછી સંતોએ રાજી થઈ વરદાન માંગવાનું કહ્યું ત્યારે બાળકે કહ્યું "તમને જે વ્હાલું હોય તે આપો" સંતોએ કહ્યું અમને વ્હાલા ભગવાન સ્વામિનારાયણ છે. માટે એ ભગવાન તને આપીએ છીએ. એનું ભજન કરજો ધર્મનું પાલન કરજો આ પ્રમાણે સંતોએ વરદાન આપી ત્યાંથી વિદાય થયા.

સંતોના વરદાનથી મંગળદાસને અખંડ શ્રીજીમહારાજના દર્શન થવા લાગ્યા.

એક દિવસ તોમનાં માબાપનો શ્રીજીમહારાજનાં દર્શન કરવાની ઈચ્છા થઈ. શ્રીજીમહારાજનો મુકામ ગઢડામાં હતો. લાંબો રસ્તો, ચાલીને જવાનું તેથી પુત્રને મામાને ઘર મૂકીને તેઓ

એકલાં ગઢપુર ગયા.

ત્યાં તેમણે શ્રીજીમહારાજનાં દર્શન કર્યા,કથા સાંભળી, સંતોના દર્શન કર્યા, આ રીતે પચીશેક દિવસ રહી પાછા પોતાને ગામ ધૂફે આવ્યા. ઘેર આવી પુત્રની આગળ ત્યાંની વાતો કરવા લાગ્યા. ત્યાં તો મંગળદાસે ગઢડામાં જે હકીકત બની હતી તે વિસ્તારીથી જણાવી. માબાપને આશ્ચર્યનો પાર ન રહ્યો.અને પૂછ્યું 'આ બધું તને કોને કહ્યું.?'

ત્યારે તેમને કહ્યું કે આપણે ઘેર બે સંતો આવ્યા હતા. તેની કૃપાથી મને નિરાવણ દ્રષ્ટિ પ્રાપ્ત થઈ છે. તેથી મને બધું જ દેખાય છે.

આમ કેટલોક સમય વિત્યા પછી તેમનાં માત-પિતા દેહનો ત્યાગ કરી ભગવાનના ધામમાં ગયા. જેમનો આધાર એક ભગવાન છે એવા મંગળદાસ ઘર છોડી ભુજ આવ્યા. અને આનંદાનંદ સ્વામી પાસે રહેવા લાગ્યા.

સમય જતાં સંવત્ ૧૮૯૦ ની સાલમાં આચાર્ય શ્રીઅયોધ્યા પ્રસાદજી મહારાજ પાસેથી સંત દીક્ષા લઈને સાધુ થયા.અચ્યુતદાસજી એવું નામ આપ્યું.

સ્વામી ભુજ મંદિરમાં રહી ગામડાઓમાં ફરી સત્સંગ કરાવવા લાગ્યા. મંદિરમાં રહી અનેક પ્રકારની સેવાઓ પણ કરતા.એક વખત સ્વામી નારાયણ બાગ (ફુલવાડી)ની દીવાલ કરાવતા હતા. તેથી સ્વામી સવારે મંગળા આરતીનાં દર્શન કરી વાડીએ જતાં અને કડીયાઓ પાસે કામ કરાવતા હતા. એ સમયે મંદિરમાં ભગવાનની સેવા કરનારા બ્રહ્મચારી વાડીએ નાહ્વા માટે ગયાં. ત્યારે તેમણે ત્યાં સ્વામીને કામ કરતા જોયા. એટલે બ્રહ્મચારીએ સ્વામી પાસે જઈને કહ્યું તમે તો શણગાર આરતીનાં દર્શન ક્યારેય કરતા નથી.અને કામ પણ બરાબર કરતા નથી માટે દર્શન કરીને આવતા હોતો. ત્યારે સ્વામીએ કહ્યું "પુજારીજી ઠાકોરજીના શણગાર કરતી વખતે વાઘા અવળા ધારણ કરાવ્યા છે તે તુરત જાઓ અને સરખા કરો." પુજારી મંદિરમાં આવીને જોયું તો સ્વામીની વાત સાચી પડી. ત્યારે પુજારીને ખ્યાલ આવ્યો કે સ્વામીતો નિરાવણ દ્દષ્ટિ વાળા છે.

સ્વામીને તો અખંડ ભગવાનના દર્શન થતા. આવા સમર્થ હતા.છતાં પણ મંદિરમાં સાવરણી કાઢવી, લીપવું, રસોઈ કરવી વિગેરે સેવાઓ જાતે જ કરતા.

સ્વામીએ આ સત્સંગની ખૂબ જ સેવા કરેલી છે. એ સેવા તે એમના હાથે લખાયેલો ગ્રંથ શ્રી પુરુષોત્તમલીલામૃત સાગર (કચ્છ લીલા)

આવા મહા સમર્થ સંત અચ્યુત દાસજી સંવત્ ૧૯૪૫ ના મધ્યાહ્ન સમયે દેહનો ત્યાગ કરી અક્ષરધામમાં પધાર્યા.

## -: જ્ઞાન સરિતા :-

### -: જ્ઞાનમાળાઃ-

૧. શ્રીકૃષ્ણ ભગવાનની બહેનનું નામ શું હતું?
   (અ) સત્યા (બ) સુભદ્રા
   (ક) ભદ્રા (ડ) ઓત્તરા
૨. બળદેવજીની પત્નીનું નામ શું હતું?
   (અ) પાંચાલી (બ) લક્ષ્મણા
   (ક) સાંડીલી (ડ) રેવતીજી
૩. ભુજમાં કયા ભકતએ પોતાને ઘેર શ્રી હરિને હિંડોળે ઝુલાવ્યા હતા?
   (અ) ગંગારામ (બ) સુંદરજી સુથાર
   (ક) દયારામ (ડ) લાધીબા
૪. સુફળ ફળી હું તો હરિને મળી, આ કિર્તન કોણે બનાવ્યું છે?
   (અ)પ્રેમાનંદ સ્વામી (બ) દેવાનંદ સ્વામી
   (ક) મુક્તાનંદ સ્વામી (ડ) બ્રહ્માનંદ સ્વામી
૫. જગન્નાથપુરી કયા રાજ્યમાં આવે છે?
   (અ) ઓરીસા (બ) આસામ
   (ક) આંધ્રપ્રદેશ (ડ) તામિલનાડુ

૬. રથયાત્રા ઉત્સવ કયા દિવસે ઉજવવામાં આવે છે?
(અ) જુન (બ) જેઢ સુદ ૨
(ક) અષાઢ સુદ ૨ (ડ) ચૈત્ર વદ ૯

૭. ગોપાળાનંદ સ્વામીનો જન્મ કઈ સાલમાં થયો હતો?
(અ) ૧૮૨૧ (બ) ૧૮૩૮
(ક) ૧૮૪૫ (ડ) ૧૭૩૭

૮. અષાઢ સુદ પૂનમના કોનું પૂજન કરવામાં આવે છે?
(અ) ગુરુનું (બ) તુલસીનું
(ક) પીપળાનું (ડ) ગંગાનું

૯. ચાતુર્માસમાં વિષેશ કેટલા નિયમો લેવાના શિક્ષાપત્રમાં કયા છે?
(અ) ૭ (બ) ૯ (ક) ૧૧ (ડ) ૮

૧૦. અશક્ત હોય તેમને કયા મહિનામાં વિશેષ નિયન લેવું?
(અ) આષો (બ) શ્રવણ
(ક) અષાઢ (ડ) ભાદરવો

## -: શબ્દ રચના :-

નીચે આપેલ પ્રશ્નોના જવાબ નીચેના કોઠા માંથી શોધો.

(૧) શ્રીસ્વામિનારાયણ ભગવાનનું હુલામણાનું નામ શું હતું?
(૨) માર્કંડેય મુનિએ કયા કયા નામ પાડયાં?
(૩) લોજમાં મુકતાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીનું કયું નામ પાડેલું હતું?
(૪) રામાનંદ સ્વામીએ શ્રીહરિના કયા નામ પાડયા?
(૫) શ્રીહરિનું આંબાશેઠે પાડેલું નામ?
(૬) ઉધ્ધવ સંપ્રદાયમાં પ્રસિદ્ધ નામ?

## -: ગત જ્ઞાનસરિતાના જવાબો :-

૨૩૩, ૧૮૮૪, સરયૂ, મુક્તાનંદ સ્વામી, તામિલનાડુ વૈશાખ, તીનવા, મણાવદર, નરસિંહ મહેતા, ચોરી

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સો | ય | ગા | ના | ઉ | સુ | વી | ઝ | પં | દા | સો | બા |
| અ | લ | ગં | નુ | ત્ર | દે | ક | મ | ચા | હા | ન | જ |
| ભ | તા | બા | સો | મા | બા | અ | કુ | રી | ખા | બા | યા |
| ય | સુ | ઉ | સો | પ | રા | જા | બા | લ | લી | તા | બા |
| રા | ર | મા | ક | ના | વી | ગા | ઈ | જ | પ્ર | ના | આ |
| જા | જ | રી | ક | દે | લ | ઉ | કા | ખા | ચ | ર | જા |
| ના | બા | લ | ભા | ઉ | લી | ત્ત | જા | અ | ભ | રા | ક |
| નુ | પં | પ્ર | સો | રા | જા | વ | મા | દા | મ | ચા | લ |
| ક | ર | મા | ગા | લ | વ | ક | નુ | ત્ત | ગો | સો | પં |
| સુ | અ | પં | વિ | જા | બા | યા | ઉ | મા | દે | બા | વી |
| ના | લ | ચા | ર | સો | કા | લ | લી | થા | નુ | અ | ભ |
| બા | ક | લી | મા | દે | વ | ઉ | ત્ત | ના | ક | લ | ક |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ્વા | તિ | કૃ | રા | દ | સ્વા | ર | શ | પ | રિ | ફ | ધ |
| મી | મા | ણ | ન | ર | કૃ | મિ | જા | હ | યૂ | મ | ર્મ |
| ના | ર | ઘ | ન્યા | ઘ | મિ | શ્યા | મ | પ | ર | ની | ન |
| ય | ષ્ણ | ત | ન | સ | હ | ર | ન | શ્યા | મુ | લ | ઠ |
| ણ | ન | યૂ | ર | શ્યા | લ | ક | ર | ણ | ત | કં | મી |
| મિ | ત | સ્વા | કૃ | ના | મ | સ | ય | ના | રા | ઠ | દ |
| ન્યા | લ | ક | ર | ણ | ક | રા | હ | કૃ | ષ્ણ | સ | દા |
| લ | ની | સ | સ્વા | મી | ના | ઘ | પ | ણ | લ | જા | સ |
| ઘ | લ | હ | રિ | કૃ | ષ્ણ | દ | ન્યા | ની | મ | યૂ | ર |
| પ | ક | જા | દ | સ | ણ | ઠ | મુ | ર | સ | મ | ણ |
| શ્યા | લ | નં | ક | ર | ઘ | ણ | ની | સ | બા | ર | દ |
| સ | મ | દ | રિ | સ્વા | મિ | ના | રા | ય | ણ | ન | યૂ |

## સરનામું

નામ ........................................................................ ગામ ..............................

તાલુકો......... ઉંમર......... શાળા........................................... ધો.......મો.ન......................

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૨૫૦/- | ભાવેશ લાલજી ભુડીયા | માધાપર હાલે લંડન | ભાવિશા ભાવેશભાઈ ભુડીયાને ત્યાં પુત્ર જન્મ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | રામજીભાઈ વેલજી ગામી | કેરા | સુપુત્ર શ્રી કિશોરભાઈની સગાઈ રસીલા સાથે થતાં |
| ૫૦૧/- | રામજી લાલજી વરસાણી | માધાપર | માનનીય શ્રી નરેન્દ્ર મોદીની વડાપ્રધાનપદે નિમણૂંક થતાં શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | સાં.યો. અ.નિ. લીરબાઈ અરજણ વેકરીઆ | નારણપર ની.વાસ | શ્રી નરનારાયણ દેવની પ્રસન્નથાર્થે ભેટ |
| ૫૦૦/- | મહેન્દ્ર જાદવજી ભુડીયા | માધાપર | સુપુત્ર ચિ. હિરેનના જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | માવજી પ્રેમજી રાઘવાણી | બળદીયા | સુપુત્ર ચિ. દિક્ષિતના જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૨૫/- | વિનોદ પ્રેમજી કેરાઈ | મિરજાપર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૨૫/- | લાલજી પ્રેમજી કેરાઈ | મિરજાપર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૩૦૦/- | અ.નિ. પ્રેમજીભાઈ ભીમજી વરસાણી | માધાપર | માધાપરના બંને મંદિરમાં પાટોત્સવ નિમિત્તે ધ.પ. વાલબાઈ સહપરિવાર તથા કથા પારાયણ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | ઈશ્વરકુમાર રવજી લક્ષ્મણ વેકરીયા | કુંદનપુર | જેઠ સુદ-૨ જન્મદિવસ નિમિત્તો શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | દક્ષાબેન કુંવરજી વરસાણી હ. માનુબેન | માધાપર | બી.ટેક. એન્જીનીયરીંગમાં ૯૦% માર્કસથી પાસ થતાં સર્વિસ મળવાથી શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | રુદ્ર માવજી હિરાણી | સુખપર રોહા | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | જીગર દેવશીભાઈ કેરાઈ | ગોડપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૨૫૦/- | મુરજી નાનજી હિરાણી હસ્તે સુ. વિશ્રામ | માનકુવા હાલે મોમ્બાસા | સંતોને રસોઈ નિમિત્તે જગદીશ, મહેશ દીકરી મંજુલા કીર્તિ |
| ૨૫૦/- | ગોવિંદ લાલજી પિંડોરીયા | દહીંસરા હાલે લંડન | પૌત્રી વિયાના જન્મ નિમિત્તે શ્રી નરનરાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૧૧/- | શ્રી નરનારાયણદેવ કન્સ્ટ્રકશન કાું. હ. પ્રોપાયટર મુકેશભાઈ વરસાણી | કોડકી | શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | અરવિંદભાઈ નારણજી સોની | માધાપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | પૂર્વેશ ગોવિંદભાઈ વ્યાસ | માધાપર | ચિ. વિવાનની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૧૦૧/- | નિલેશ રમેશ વાઘાણી | માનકુવા | જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | રોનક રમેશ વાઘાણી | માનકુવા | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | નિત્ય રમેશ વાઘાણી | માનકુવા | નામકરણ વિધિ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | મહેશ નારણ શિયાણી | ભક્તિનગર માનકુવા | ધો.૧૦માં સારા માર્કસથી પાસ થતાં શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૧/- | પ્રવિણ રામજી હીરાણી | મિરજાપર | ચિ. પાર્થ અને ભૂમિ બોર્ડમાં સારા માર્કસથી પાસ થતાં |
| ૧૦૧/- | શિવાની કેશવ ખેતાણી | નાશિક રોડ નાશિક | ધો. ૧૨ સાયન્સમાં ૭૯ ટકાએ ઉત્તીર્ણ થતાં શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૧૧/- | પ્રવિણ હીરજી વરસાણી | સુખપર નવોવાસ | પુત્ર મીતના જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૩૦૦/- | લાલબાઈ ધનજી નારણ વરસાણી દોહિત્રી નતાશા, જેમિની,દોહિત્ર દિલન | સામત્રા હાલે લંડન | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ દીકરી રાધા, દક્ષા તેમજ પુત્ર હિતેન્દ્ર પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | ધનજી નારણ વરસાણી હ. પુત્ર હિતેન્દ્ર ધ.પ. રીના | સામત્રા હાલે લંડન | લગ્નને ૫૦ વર્ષ પૂર્ણ થતાં શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | શિવજી ધનજી માસ્તર | માધાપર | ધ.પ. ભાનુબેન (ભાણબાઈ)ના જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | શિવજી ધનજી પિંડોરીયા | માધાપર | દોહિત્ર હાર્દિક મનોહર ભુવા કોમ્પ્યુટર પરીક્ષામાં પાસ થઈ બેંગ્લોરમાં નોકરી મળતાં શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૩૦૦/- | કરસન ગોપાલ જેસાણી હ. રામજી | બળદીયા | ડાયાબીટીશ અને આંખના નિઃશુલ્ક કેમ્પ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | વિજય પ્રેમજી પિંડોરીયા ધ.પ રસીલા | માધાપર | સુપુત્ર ચિ. રાજેશ એચ.એસ.સી. બોર્ડમાં એ-૨ ક્લાસમાં પાસ થતાં તે નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | કિશન ભરતભાઈ પંડ્યા | માધાપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | જયેશ લાલજી વેકરીયા | માધાપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |

## કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની પંચદિવસીય નિવાસી સત્સંગ શિબિર - ૨૦૧૪

આગામી કારતક સુદ-૫ થી કારતક સુદ-૯ સુધી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તથા સમસ્ત સત્સંગીઓ માટે પંચ દિવસીય નિવાસી શિબિરનું ભવ્ય આયોજન કરવા નિર્ધારેલ છે. સૌ હરિભક્તો તથા યુવા હરિભક્તો ભાગ લઈ શકશે. ભાગ લેવા ઈચ્છનારે શ્રાવણ વદ-૮ સુધીમાં પોતાના ફોર્મ જે તે કેન્દ્રના સંચાલકને પહોંચતા કરવા.

સ્થળ : શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, મિરઝાપર-ભુજ   યુવક મંડળ સંચાલક સંત સમિતિના જય શ્રી સ્વામિનારાયણ


(૧-૨-૩)શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા અછત ગ્રસ્ત વિસ્તારની ગાયોને સુકા-લીલા ચારાનું વિતરણ કરતા સંતો તથા હરિભક્તો.
(૪) ઓલ્ડહામ મધ્યે યુવક મંડળના સંતો દ્વારા યુવક સભા...






(૧-૨) શ્રી સ્વામિનારાયણ મંદિર - સ્ટાનમોર વાર્ષિક પાટોત્સવની ભવ્ય ઉજવણી. (૩-૪) જેઠ સુદ-૧૧ના દિવસે જલયાત્રામાં વિહાર કરતા શ્રી ઘનશ્યામ મહારાજ તથા ભગવાનની મહાપૂજાનો લાભલેતાં હરિભક્તો-ભુજ
(૫) મંદિરની વાડીમાં થયેલ મગફળી પાકની વ્યવસ્થામાં સંતો તથા પાર્ષદ જાદવજીભગત, ભુજ











RNI NO. GUJGUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Regd. No. GKCH-158/2012-2014
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE WPP Lic No. G-PMG-RJT/001/UPTO 30-06-2014

# ભુજ મંદિરમાં અ.નિ. સ.ગુ. સ્વામી હરિજીવનદાસજીની પુણ્યસ્મૃતિ પ્રસંગે પંચાહ્ન પારાયણનું આયોજન સંપન્ન થયું.





